ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673


તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૩૬ । વિક્રમ સંવત ૨૦૮૧ : માગશર વદ ૧૦ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 136 • Dt. 25-12-2024 Wednesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125




P.07

સેન્સરમાં ફિલ્મ ફસાઈ જવાનો ડર સોનુ સૂદને પરેશાન કરી રહ્યો છે



P.07

પીકે- ૨માં એક સાથે જોવા મળશે રણબીર કપૂર-આમિર ખાન?

શિમલા, કુફરી અને ડેલહાઉસીમાં હિમવર્ષા, બરફના સફેદ ધાબળોથી ઢંકાયેલા પર્વતો

07



25
DECEMBER- 2024
WEDNESDAY



07

રાજસ્થાના જયપુર શહેરમાં એલપીજી ટેંકર બ્લાસ્ટમાં ૧૩ લોકો જીવતા દાઝી ગયા

**એક કા ડબલના કૌભાંડીઓનો પર્દાફાશ થતા તપાસનો ધમધમાટ**

બોલિવૂડ ફિલ્મી સિતારાઓને સાથે રાખી ઠગાઈની સ્કીમ કરવાનો કારસો રચનાર સૌથી મોટો ઠગ બેનકાબ થયો । વિદેશમાં રોકાણ કરી એક કા ડબલ કરી વધુ કમાણી કરવાની સ્કીમના નામે છેતરપીંડી કરવામાં આવી । સમગ્ર મામલો સીઆઇડી ક્રાઇમમાં પહોચતા સૌથી મોટી છેતરપીડીનો પર્દાફાશ થયો

# અમદાવાદમાં રિયલ એસ્ટેટના નામે છેતરપીંડી

**પોલીસ દ્વારા તપાસ શરૂ કરતા ઇવેન્ટ પહેલા જ ભાંડો ફૂટ્યો । અમદાવાદની પોશ હોટલમાં ઇવેન્ટનું આયોજન કરાયુ હતુ । રાતોરાત કંપની ગાયબ થઇ ગઇ**

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૪ ।

રાજ્યમાં વધુ એક 'એક કા ડબલ'ના કૌભાંડીઓનો પ દર્ફાશ થયો. બ્રિક્સ એન્ડ વૂડનો માલિક બેનકાબ થયો. બોલિવૂડ ફિલ્મી સિતારાઓને સાથે રાખી ઠગાઈની સ્કીમ કરવાનો કારસો રચનાર ઠગનો બાપ બેનકાબ થયો. વિદેશમાં રોકાણ કરી એક કા ડબલ કરી વધુ કમાણી કરવાની સ્કીમના નામે છેતરપિંડી કરવામાં આવી. કૌભાંડીએ બ્રિક્સ એન્સ વુડ નામની રિયલ એસ્ટેટ કંપનીના નામે ઠગાઈનો કારસો ઘડયો હતો. જો કે ઠગાઈ થાય તે પહેલા જ સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ થતા ભાંડો ફૂટ્યો.દુબઈમાં રોકાણ કરવાની સુવર્ણ તકની વાત કરતી ઠગ કંપની રાતોરાત ગાયબ થઈ ગઈ. અમદાવાદની સ્કાયલાઈન તાજ હોટલમાં પ્રિ-લોન્ચ બુકિંગ ઈવેન્ટ રાખવામાં આવી હતી. બ્રિક્સ એન્સ વુડ નામની કંપની લોકોને વિદેશમાં રોકાણ કરવા આર્કષવા આ ઈવેન્ટનું આયોજન કર્યું હતું. કંપ નીએ આ કૌભાંડમાં બોલીવુડના ખ્યાતનામ સિતારાને મહોરું બનાવ્યું. જેથી લોકો આ કંપની પર જલદી વિશ્વાસ કરી શકે અને વધુ રોકાણ કરે. જો કે ઠગની ચાલાકી સામે પોલીસની સતર્કતા વધુ કારગત નીવડી.




**ભારત દેશના ચોપડે ભાગેડુ આરોપી અંકિત પટેલ કૌભાંડનો મુખ્ય કિંગપિંગ**

બ્રિક્સ એન્ડ વૂડનો મુખ્ય માલિક સૌથી મોટો ઠગબાજ હોવાનું ખુલ્યું. ભારત દેશના ચોપડે ભાગેડુ આરોપી અંકિત પટેલ કૌભાંડનો મુખ્ય કિંગપિંગ ગણાય છે. અંકિત પટેલ વિઝા અને નકલી માર્કશીટ કૌભાંડમાં વોન્ટેડ જાહેર કરાયો છે. ભારતમાંથી દુબઈ ભાગી રિયલ એસ્ટેટની આડમાં ઠગાઈનું કારસ્તાન આચર્યું. ભોળી જનતા અને વેપારીઓને ઠગવા પૂરી તૈયારી કરી હતી પરંતુ પોલીસની સતર્કતાથી વધુ એક કૌભાંડનો પર્દાફાશ થયો.

**૨૪ કલાકમાં તક્તી ઉતારી લેવાઈ**

## કમુરતામાં કાર્યાલય શરૂ કરવાની ઉતાવળ ભાજપ પ્રમુખને ભારે પડી

**વડોદરામાં ભાજપના નવા કાર્યાલયના ઉદ્ઘાટન બાદ વિવાદ થતાં તકતીનું અનાવરણ કરી ઉતારી દેવાઈ**

। પ્રતિનિધિ, વડોદરા, તા.૨૪ ।

વડોદરા શહેર ભાજપમાં વિવાદો પ ૂરા થવાના નામ નથી લઈ રહ્યાં. ભાજપના નવા કાર્યાલયના ઉદ્ઘાન બાદ કાર્યાલયમાં લાગેલી તક્તી પર તકરાર શરૂ થઈ. રવિવારે તક્તીનું અનાવરણ અને સોમવારે તક્તી ઉતારી લેવાઈ.તખ્તી પરથી સાંસદ, મેયર, ધારાસભ્યોનાં નામોની બાદબાકીથી વિવાદ વકર્યો. જેથી ભાજપ કાર્યાલયની તકતી પ્રદેશ મોવડી મંડળના આદેશ બાદ ૨૪ કલાકમાં જ હટાવી લેવાઈ છે. પ્રદેશના નેતાઓની નારાજગી અને પ્રદેશ પ્રમુખની સૂચના બાદ તાત્કાલિક તકતી દૂર કરાઈ છે. આ ઘટના બાદ ચર્ચાઓ એવી થઈ રહી છે કે, કમુરતામાં કાર્યાલય શરૂ કરવાની ઉતાવળ શહેર ભાજપ પ્રમુખ ડૉક્ટર વિજય શાહને ભારે પડી છે.વડોદરાના કારેલીબાગ જલારામ મંદિર રોડ ઉપર નવું નમો કમલમ બનાવવામાં આવ્યું છે. ૩ માળનુ કોર્પોરેટ સ્ટાઈલથી આધુનિક જરૂરિયાત સમાવતું નમો કમલમ છે. ત્યારે રવિવારે ૨૨ ડિસેમ્બરના રોજ આ કાર્યાલયનું ઉદઘાટન ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલના હસ્તે કરવામાં આવ્યુ હતું.


શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર એજ્યુકેશન કેમ્પસ સંચાલિત

કમલા અમૃત ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, ગાંધીનગર

Approved by Govt. Of Gujarat, Gujarat Nursing Council & Affiliated to Gujarat University

KAMLA AMRUT INSTITUTE OF NURSING

પ્રવેશ પ્રક્રિયા પ્રારંભ ૨૦૨૩-૨૪

B.Sc. Nursing
૪ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ સાયન્સ પાસ
(PCB + ENGLISH)

P.B.B.Sc. Nursing
Post basic B.Sc. University
૨ વર્ષનો કોર્ષ
G.N.M. પાસ

GNM
General Nursing and Midwifery
૩ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ પાસ (કોઈપણ સ્ટ્રીમ) અને અંગ્રેજી





ઉપલબ્ધ સુવિધાઓ

- ૧૦૦ બેડની પોતાની પેરેન્ટ હોસ્પિટલ
- અનુભવી સ્ટાફ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ
- અત્યાધુનિક લેબોરેટરી અને લાયબ્રેરી
- સ્માર્ટ ક્લાસરૂમ
- ટ્રાન્સપોર્ટેશન માટે બસની સુવિધા
- હોસ્ટેલની સુવિધા
- એ.સી. મલ્ટીપરપઝ ઓડિટોરીયમ
- SC/ST ની કેટેગરીના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની સુવિધા

9638358158, 7567020200, 9313304367



વીજળીના બિલને કરો 0

Since 2013
Navkalp SOLAR
it's time to save

નેશનલ પોર્ટલ રૂફટોપ સબસીડી મળવા પાત્ર





25 YEARS WARRANTY

ગુજરાત ની અગ્રણી રેસીડેન્શીયલ INDUSTRIAL સોલાર રૂફટોપ કંપની

Help Line
+91 93 77 51 77 52


CMYK

### ગુજરાતના તમામ ગ્રાહકો માટે ગુજરાત સરકારે મોટી ક્રિસમસ ગિફ્ટ આપી

# સરકારે લાઈટ બિલમાં કરી ઘટાડાની જાહેરાત ફ્યુઅલ સરચાર્જમાં ૪૦ પૈસાના ઘટાડો થશે

### સુશાસન દિવસ નિમિત્તે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા વીજ ગ્રાહકના હિતમાં મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૪ ।

ગુજરાતના તમામ ગ્રાહકો માટે ગુજરાત સરકારે મોટી ક્રિસમસ ગિફ્ટ આપી છે. ગુજરાતીઓના માથા પરથી ગુજરાત સરકાર મોટો બોજો હટાવવા જઈ રહી છે. ગુજરાતના ૧.૬૫ કરોડ ગ્રાહકોને લાઈટ બિલમાં રાહત આપતો નિર્ણય લીધો છે. આ નિર્ણયથી તમારું વીજળીનું બિલ ઘટી જશે. ઉર્જા મંત્રી કનુ દેસાઈએ વીજળીમાં યુનિટ દીઠ ૪૦ પૈસા ફ્યુઅલ ચાર્જ ઘટાડવાની જાહેરાત કરી છે. 'સુશાસન દિવસ' નિમિત્તે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા વીજ ગ્રાહકના હિતમાં મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. ઓક્ટોબર ૨૦૨૪થી ડિસેમ્બર ૨૦૨૪માં વસૂલાત પાત્ર ફ્યુઅલ સરચાર્જમાં ૪૦ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો



છે, જે બીજો સુધારો ના થાય ત્યાં સુધી ચાલુ રહેશે તેમ,આજે ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું.ઊર્જા મંત્રી દેસાઈએ કહ્યું હતું કે,ફ્યુઅલ સરચાર્જમાં ૪૦ પૈસાના ઘટાડાના પરિણામે રાજ્યના અંદાજે ૧.૭૫ કરોડ ગ્રાહકોને ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન કરેલ વીજ વપરાશ ઉપર આશરે રૂ.૧,૧૨૦ કરોડનો લાભ થશે. ઊર્જા મંત્રીએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર કરાયેલ ફ્યુઅલ સરચાર્જની ફોર્મ્યુલા મુજબ એપ્રિલ-૨૦૨૪થી સપ્ટેમ્બર ૨૦૨૪ના સંબંધિત ત્રિમાસિક સમયગાળા દરમિયાન વીજ બળતણના ભાવોમાં થયેલ ફેરફાર મુજબ રાજ્ય હસ્તકની વીજ વિતરણ કંપની દ્વારા ગ્રાહકો પાસેથી રૂ. ૨.૮૫ પ્રતિ યુનિટનો ફ્યુઅલ સરચાર્જની વસૂલાત કરવામાં આવતી હતી. વધુમાં તેમણે કહ્યું કે, ઓક્ટોબર -૨૦૨૪ થી ડિસેમ્બર ૨૦૨૪ના પ્રવર્તમાન ત્રિમાસિક સમયગાળા દરમિ યાન પણ રૂ. ૨.૮૫ પ્રતિ યુનિટ ના દરે ફ્યુઅલ સરચાર્જની વસૂલાત કરવામાં આવે છે. રાજ્ય સરકાર હસ્તકની વીજ વિતરણ કંપનીઓ દ્વારા ચાલુ વર્ષ દરમિયાન અસરકારક રીતે ફયુલ સરચાર્જનો દર જાળવી રાખ્યો છે. વધુમાં,ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન યોગ્ય અને કાર્યક્ષમ વીજ ખરીદના સંચાલન અને સ્થિર વીજ ખરીદના દરને ધ્યાને લઈ, રાજ્ય સરકાર દ્વારા ગ્રાહકોના વિશાળ હિતમાં ફ્યુઅલ સરચાર્જના દરમાં પ્રતિ યુનિટ ૪૦ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો છે. જે મુજબ તા. ૦૧.૧૦.૨૦૨૪થી પ્રવર્તમાન ત્રિમાસિક સમય ગાળા દરમિયાન કરેલ વીજ વપરાશ ઉપર ગ્રાહકોને પ્રતિ યુનિટ ૪૦ પૈસાનો લાભ થશે. તેમણે ઉમેર્યું કે, ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૪ના ગાળામાં આ ફ્યુઅલ સરચાર્જનો દર રૂ. ૨.૮૫થી ઘટાડીને રૂ. ૨.૪૫ પ્રતિ યુનિટના દરની વસૂલાત કરવામાં આવશે. આ ફ્યુઅલ સરચાર્જમાં ૪૦ પૈસાના ઘટાડાના પરિણામે રાજ્યના અંદાજે ૧.૭૫ કરોડ ગ્રાહકોને ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૪ દરમ્યાન કરેલ વીજ વપરાશ ઉપર આશરે રૂ ૧૧૨૦ કરોડનો લાભ થશે.

## જળબંબાકારથી કાંસની સફાઈના કૌભાંડનો પર્દાફાશ થયો

। પ્રતિનિધિ, નડિયાદ, તા.૨૪ ।

નડિયાદ નગરપાલિકાએ એસ. એન.એજન્સીને છેલ્લા ૩ વર્ષમાં કાંસની સફાઈ માટે રૂ.૧ કરોડથી વધુ રકમ ચૂકવી હોવાનું બહાર આવ્યું હતું. જો કે, એજન્સી દ્વારા ત્રણ વર્ષથી માત્ર દેખાડો કરવા માટે કાંસની સફાઈ કરીને ગેરરીતિ આચરવામાં આવી હોવાનો આક્ષેપ કરીને તકેદારી આયોગને પ ત્ર લખવામાં આવ્યો છે.જોકે, શહેરમાં ત્રણ વર્ષ દરમિયાન માત્ર દેખાતા કાંસની સફાઈ માટે એજન્સીને નાણાં ચૂકવ્યા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. આ અંગે વિજિલન્સ કમિશનને પત્ર લખવામાં આવ્યો છે. સમગ્ર મામલાની તપાસ કરી યોગ્ય કાર્યવાહીની માંગ કરવામાં આવી છે.નડિયાદમાં ગત ચોમાસામાં પડેલા ભારે વરસાદના કારણે નગરપાલિકા વિસ્તાર સહિત શહેર વરસાદી પાણીનો નિકાલ ન થવાના કારણે પાણીમાં ગરકાવ થઈ ગયું હતું. પાલિકાના પ્રિ-મોન્સુન પ ૅલ ખોલતા તંત્રએ શહેરના બસ સ્ટેન્ડ વિસ્તારમાં આવેલા કાંસા પર આવેલી દુકાનોના ભાડુઆતોને નોટિસ ફટકારી કાંસાની સફાઈ શરૂ કરી હતી.

## ભરૂચમાં ૭૨ વર્ષીય વૃદ્ધા પર નરાધમે આચર્યુ દુષ્કર્મ

। પ્રતિનિધિ, ભરૂચ, તા.૨૪ ।

ભરૂચમાં નિર્ભયાની મોતના શરમજનક બનાવના પડઘા શાંત નથી પડ્યા ત્યાં તો ૭૨ વર્ષીય વૃ દ્ધા પર ૩૫ વર્ષીય નરાધમે દુષ્કર્મ આચરતા ખળભળાટ મચી ગયો છે. આમોદ તાલુકામાં દુષ્કર્મના કેસમાં સજા ભોગવી ચુકેલા શખ્સે ફરીથી કૃત્ય કરતા બનાવના પ ગલે એસપી સહિત એલસીબી એસઓજી પોલીસ ઘટના સ્થળે પ હોંચી ગયા છે. હાલ પોલીસ આરોપ ીની શોધખોળ કરવા અલગ અલગ ટીમ રવાના કરી છે.ગુજરાતમાં ફરીથી શર્મસાર કરતી ઘટના બની છે. ભરૂચ જીલ્લાના આમોદ તાલુકામાં ઈંટોલા ગામે ૩૫ વર્ષીય નરાધમે જેલવાસ ભોગવ્યા બાદ ગામમાં આવી ગામની સીમમાં વૃ દ્ધા પર દુષ્કર્મ આચર્યુ હોવાની જાણ થતાં જીલ્લા પોલીસવડા તેમના કાફલા સહિત ઘટનાસ્થળે પહોંચી નરાધમને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે.આ આંકડાઓ અત્યંત ચિંતાજનક છે.

## ગુજરાતમાં કડકડતી ઠંડીના કહેર વચ્ચે કમોસમી વરસાદની આગાહી

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૪ ।

હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં કડકડતી ઠંડી વચ્ચે વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે ૨૬ થી ૨૯ ડિસેમ્બર ત્રણ દિવસ સુધી વરસાદની આગાહી કરવામાં આવી છે. ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં માવઠું પડે તેવી શક્યતા છે.આ ઉપરાંત કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં માવઠાની શક્યતા છે. તેમજ મહિસાગર, પંચમહાલ, છોટાઉદેપ ુર, દાહોદમાં પણ વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. નર્મદા, તાપી, ડાંગ, નવસારી, વલસાડ સહિતના જિલ્લાઓમાં કમોસમી વરસાદની પડે તેવી આગાહી કરવામાં આવી છે. આ ઉપ રાંત ઉત્તર પૂર્વ રાજસ્થાનથી પવન ફૂંકાતા અસર દેખાઈ છે.હવામાન વિભાગની આગાહી અનુસાર આજે અમદાવાદ, આણંદ, અરવલ્લી, દાહોદ, ખેડા, મહીસાગર, પોરબંદર, પંચમહાલ સહિતના જિલ્લાઓમાં ૧૫ ડિગ્રી ન્યૂનતમ તાપમાન રહે તેવી સંભાવના છે. આ ઉપરાંત કચ્છ, મોરબી, મહેસાણા, પાટણ, રાજકોટ સહિતના જિલ્લાઓમાં ૧૨ ડિગ્રી ન્યૂનતમ તાપમાન રહે તેવી સંભાવના છે. બીજી તરફ સુરેન્દ્રનગર, જુનાગઢમાં ૧૩ ડિગ્રી ન્યૂનતમ તાપમાન રહે તેવી સંભાવના છે. હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં કડકડતી ઠંડી વચ્ચે વરસાદની આગાહી કરવામાં આવી છે.

### ગૃહ વિભાગ દ્વારા મળેલી સમીક્ષા બેઠના અંતે આ નિર્ણય લેવાયો

# ગુજરાત રાજ્યમાં પાંચ ધારાસભ્ય સાથે 30 લોકોની સુરક્ષા પાછી ખેંચી લીધી

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૪ ।

ગુજરાતના ગૃહ વિભાગે પ ાંચ ધારાસભ્ય સાથે ૩૦ લોકોની સુરક્ષા વ્યવસ્થા પાછી ખેંચી લીધી છે. ગૃહ વિભાગ દ્વારા મળેલી સમીક્ષા બેઠના અંતે આ નિર્ણય લેવાયો છે. ધારાસભ્યોની સાથે અન્ય મહાનુભાવોને અપાયેલી સુરક્ષા પાછી ખેંચી લેવાઈ છે. દર છ માસે ગૃહ વિભાગ, રાજ્ય પોલીસ વડા અને આઈબી સહિત અધિકારીઓની ઉપસ્થિતિમાં સમીક્ષા બેઠક યોજાય છે. જે ધારાસભ્યની સુરક્ષા પાછી ખેંચાઈ છે તેમાં દિનેશ ઠાકોર ધારાસભ્ય, ચાણસ્મા,સંજય સિંહ મહિડા ધારાસભ્ય, મહુધા ,રમણ પાટકર ધારાસભ્ય, ઉમરગામ ,શામજી ચૌહાણ ધારાસભ્ય, ચોટીલા ,મોહનભાઈ ઢોડિયા ધારાસભ્ય, મહુવા,નો સમાવેશ થાય છે જયારે અન્ય લોકોની સુરક્ષા પ ાછી ખેંચી છે તેમાં કલ્પેશ ગોસ્વામી, કચ્છ,રાકેશ પારેખ, વડોદરા દિલીપ ત્રિવેદી,વિહિપ,સીતારામ મારવાડી અમિત શર્મા, અમદાવાદ સાજણભાઈ ઓડેદરા, પોરબંદર ,ઢેલી બેન ઓડેદરા, પોરબંદર ,વિક્રમ ઓડેદરા ગાંગા માલદે ઓડેદરા,જે કે ભટ્ટ, માનવ અધિકાર આયોગ એ કે દુબે દિવ્યા રવિયા જાડેજા -એસીબી,દિનેશ બાંભણિયા બી એસ ઉપાધ્યાયહવે વાત કરીએ કે કેમ આ સુરક્ષા પાછી ખેંચી લેવાઈ.

ગુજરાતમાં કોઈ હસ્તીને ધમકી મળી હોય અથવા તેમના જીવને જોખમ હોય તો તેમને આઈબીના ઈનપુટના સહારે સલામતી વ્યવસ્થા પૂરી પાડવામાં આવે છે. જોકે, થોડા બાદ ખતરો ટળી જતા આ સુરક્ષા પાછી ખેંચી પણ લેવાય છે. ત્યારે પાંચ ધારાસભ્યો સાથે આવા ૩૦ જેટલા વીઆઈપીની સુરક્ષા વ્યવસ્થા પાછી ખેંચી લેવામાં આવી છે.

સુરક્ષા પાછી ખેંચવાનો નિર્ણય રાજ્યના આઈબી સહિતના ગૃહ વિભાગના ઉચ્ચ અધિકારીઓની મળેલી સમીક્ષા બેઠકના અંતે લેવામા આવ્યો છે. આ બેઠક દર છ મહિને યોજાતી હોય છે. જે એક નિયમિત પ્રોસેસ છે. પાસ કન્વીનર દિનેશ બાંભણિયાની સુરક્ષા પરત લેવાઈ છે. જોકે, આ લિસ્ટમાં એકમાત્ર કલ્પેશ ગોસ્વામી એવા છે.

## એસ.ટી. બસોમાં મુસાફરોને બસની ટિકિટ માટે છુટા રૂપિયામાંથી મુક્તિ!

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૪ ।

ગુજરાતમાં અંતરિયાળ તેમજ શહેરી વિસ્તારમાં સમયબદ્ધ અને સલામત મુસાફરી માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની હજારો બસો કાર્યરત છે.વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે 'ડિજિટલ ગુજરાત'ના મંત્રને વેગ આપવા રાજ્યમાં અંદાજિત ૮૫૦૦થી વધુ બસ ઓપ રેટ કરતું નિગમ હવે કેશલેશ સેવા તરફ આગળ વધી રહ્યું છે.નાગરિકોની સુવિધાને ધ્યાનમાં રાખીને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ ગત વર્ષે તા. ૨૫ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ સ્માર્ટ ઈલેક્ટ્રોનિક ટિકિટીંગ મશીનનું રાજ્યવ્યાપી લોકાર્પણ કર્યું હતું. પ્રથમ તબક્કે અમદાવાદ, રાજકોટ, જામનગર અને જૂનાગઢ વિભાગની કુલ ૧૮૫૦થી વધુ બસોમાં ૩૦૦૦થી વધુ 'એન્ડ્રોઈડ ટિકિટ મશીન' / 'સ્માર્ટ ઈલેક્ટ્રોનિક ટિકિટીગ મશીન' ફાળવવામાં આવ્યા છે. 'ડિજિટલ ગુજરાત' થકી ડિજિટલ ટ્રાન્જેક્શનને વેગ આપી ગુજરાત એસ.ટીમાં સરેરાશ ૧૫ હજાર જેટલા મુસાફરો ડિજિટલ ટ્રાન્જેક્શનના માધ્યમથી એસ.ટી. નિગમને દૈનિક રૂ. ૧૩ લાખની આવક કરાવી રહ્યા છે.

## ઝઘડિયાની દુષ્કર્મ પીડિતા બાળકીની ઝારખંડમાં અંતિમવિધિ થશે

। પ્રતિનિધિ, ભરૂચ, તા.૨૪ ।

ભરૂચના ઝઘડિયામાં ૧૬મી ડિસેમ્બરે ૧૦ વર્ષની બાળકી સાથે થયેલા બર્બરતાપૂર્ણ દુષ્કર્મ બાદ ૮ દિવસની સારવારને અંતે બાળકીનું મોત થયુ છે. દુષ્કર્મ કરનાર દાનવે બાળકીને એટલી હદે પીંખી નાખી હતી કે તે ૮ દિવસ સુધી જિંદગી અને મોત સામે ઝઝુમતી રહી. નરાધમ રાક્ષસે બાળકી સાથે પ ાશવીપણાની તમામ હદો પાર કરી નાખી હતી. તેના પ્રાઈવેટ પાર્ટમાં મેટલનો સળિયો ઘુસાડી દેતા તેના આંતરડા ફાંટી ગયા હતા. પેટમાં ઈન્ફેક્શન થઈ ગયુ હતુ. જે બે સર્જરી બાદ પણ તબીબો દૂર કરી શક્યા ન હતા અને આખરે બાળકી મોત સામે હાર ગઈ૧૬ ડિસેમ્બર, ૨૦૨૪ના ભરૂચના ઝઘડિયામાં ૧૦ વર્ષીય બાળકી પર થયેલા દુષ્કર્મે દિલ્હીના નિર્ભયાકાંડની યાદ અપાવી હતી. આ બાળકીનું આજે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ૧૮૦ કલાક બાદ મોત થઈ ગયું છે.



## ગુજરાતમાં આવકવેરા વિભાગે મોટા ગ્રૂપ પર દરોડા પાડ્યા

# ગ્રૂપ ટ્રોગોન, રાધે અને ધરતી સાકેત ઉપરના દરોડામાં આશરે ૫૦૦૦ કરોડના બિનહિસાબી વ્યવહાર મળ્યા

**મહેસાણાના મોટા ગ્રૂપની ૩૬ પ્રિમાઈસીસ પર પાડેલ દરોડાનો રેલો અમદાવાદના અનેક મોટા ગ્રુપ સુધી પંહોચે તેવી સંભાવના**

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૪ ।

ગુજરાતમાં આવકવેરા વિભાગે મોટા ગ્રુપ પર દરોડા પ ડી ૫૦૦૦ કરોડના બિનહિસાબી વ્યવહાર મેળવવામાં સફળતા મેળવી. દિવાળી તહેવાર પૂર્ણ થતા જ આવેક વેરા વિભાગે સપાટો બોલાવતા ટ્રોગોન અને રાધે જેવા મહેસાણાના મોટા ગ્રુપ પર દરોડા પાડ્યા. આ દરોડોમાં આઈટી વિભાગે રાજ્યના મોટા ગ્રુપ પર પ ડેલા દરોડાની તપાસ અઠવાડિયા સુધી ચાલી હતી. મહેસાણાના મોટા ગ્રૂપ ટ્રોગોન, રાધે અને ધરતી સાકેતની ૩૬ પ્રિમાઈસીસ પર પ ડેલ દરોડાનો રેલો અમદાવાદના અનેક મોટા ગ્રુપ સુધી પંહોચે તેવી સંભાવના છે.

આઈટી વિભાગે ટ્રોગોન, રાધે અને ધરતી સાકેત સાથે સંકળાયેલા વેપારીઓની ઓફિસ પર પણ દરોડા પાડ્યા. આ દરોડામાં શંકાસ્પદ દસ્તાવેજો ઉપરાંત મોટા પ્રમાણમાં ડિજિટલ ડેટા પણ મળ્યા







હતા. જેમાં બેનામી વ્યવહારોમાં સંકળાયેલા બિલ્ડરો, ઈન્વેસ્ટરો અને ભાગીદારોની વિગતો મળી. વિભાગ દ્વારા આ મળેલ માહિતીના આધારે તમામ વિગતોની સ્ટુટિની શરૂ કરવામાં આવી.આઈટી વિભાગે દિવાળી તહેવાર બાદ મોટા ગ્રુપ દ્વારા નાણાંકીય વ્યવહારો પર વોચ રાખવામાં આવી હતી. જેના બાદ આ મોટા ગ્રુપ પર દરોડા પાડી તપાસ હાથ ધરવામાં આવી હતી.

ટ્રોગોન, રાધે અને ધરતી સાકેતની મહેસાણા ઉપ રાંત અમદાવાદ ખાતેની ૨૫ પ્રિમાઈસિસ પર પણ દરોડા પ ડવામાં આવ્યા. ઉપરાંત આ ગ્રુપ સાથે સંકળાયેલા વેપારીઓની મોરબી અને રાજકોટ ઓફિસ પર પણ દરોડા પાડી તપાસ હાથ ધરાઈ હતી. તપાસમાં ૫૦૦ કરોડના બિન હિસાબી વ્યવહારો, ૧૦ કરોડ રોકડા અને ઝવેરાત મળી આવી હતી.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર હાલમાં પડાતા દરોડાની તપાસમાં સીધું દિલ્હીથી મોનિટરિંગ થઈ રહ્યું છે. મહેસાણાના મોટા ગ્રુપ પ રના દરોડાના તાર અમદાવાદના બિલ્ડર લોબી સાથે સંકળાયેલા હોવાનું તપાસમાં બહાર આવતા આ દિશામાં વધુ તપાસ થશે. ગુજરાતમાં આવકવેરા વિભાગે મોટા ગ્રુપ પર દરોડા પાડી ૫૦૦૦ કરોડના બિનહિસાબી વ્યવહાર મેળવવામાં સફળતા મેળવી.

---

## શંકાસ્પદ ઘી અને અન્ય ઉત્પાદનનો કુલ ૧.૨૪ કરોડનો મુદ્દામાલ સીઝ

# મહેસાણા જિલ્લાના કડીમાં જપ્ત કરાયેલું કરોડોની કિંમતનું ઘી નકલી નીકળ્યું

। કડી, તા.૨૪ ।

મહેસાણા જીલ્લાના કડી તાલુકાના બુડાસણ ગામની સીમમાં રાજરત્ન ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં ઘી બનાવતી ફેક્ટરીમાં એલસીબી અને ફૂડ વિભાગના દરોડામાં પડ્યા હતા જેમાં શંકાસ્પદ ઘી અને અન્ય ઉત્પાદનનો કુલ ૧.૨૪ કરોડનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો હતો. જેમાં હવે કોર્ટ કાર્યવાહી બાદ આગળ પગલા લેવામાં આવશે.કડીના બુડાસણ ગામે બે મહિના પહેલાં મહેસાણા એલસીબી અને ફૂડ ડિપાર્ટમેન્ટની ટીમોએ શંકાસ્પદ ઘી સહિતનો ૪૩ હજાર કિલોનો કુલ રૂપિયા ૧.૨૪ કરોડની કિંમતનો જથ્થો જપ્ત કર્યો હતો. જે તમામ ઘીનાં નમૂનામાં ફોરેન વેજીટેબલ ફેટ મળી આવ્યું હતું. જેની લેબમાં તપાસ કરાતા નમૂના ફેઈલ થયા હતા. આ મામલે કાયદાકીય કાર્યવાહી હાથ ધરાશે તેમજ કોર્ટના હુકમ ન થાય ત્યાં સુધી જથ્થો જપ્ત રહેશે.અમદાવાદ શહેરમાં ચાંદલોડિયામાં રહેતા જનકભાઈ ભાવસારની બુડાસણમાં ચાલતી ફેક્ટરીમાં બાતમીના આધારે એલસીબી અને ખાદ્ય વિભાગની અધિકારીઓએ ૧૨ ઓક્ટોબરના રોજ દરોડા પાડ્યા હતા. જેમાં હરિઓમ પ્રોડક્ટ્સની દુકાન નંબર. ૨૫થી ૩૨ અને દુકાન નંબર ૬૮-૪માંથી શંકાસ્પદ ઘીનો જથ્થો અને રિફાઈન્ડ પામ્સ ઓઈલ, પામ ઓઈલ અને ફોરેન ફેટનો જથ્થો જપ્ત કર્યો હતો. દરોડામાં ફોરેન્સિક લેબની ટીમે ૬ જેટલા અલગ અલગ નમૂના ટેસ્ટિંગ માટે લીધા હતા. લેબમાં નમૂના ફેલ આવતા રૂપિયા ૧૨૪૯૭૪૪૦ની કિંમતનો ૪૩૧૦૯ કિલો શંકાસ્પદ માલ જપ્ત કરી ફેક્ટરીનું સંચાલન કરતા ડાંગી રામુ ડાકપરામ વિરૂદ્ધ કડી પોલીસે ફરિયાદ નોંધી છે. મહેસાણા જીલ્લાના કડી તાલુકાના બુડાસણ ગામની સીમમાં રાજરત્ન ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં ઘી બનાવતી ફેક્ટરીમાં એલસીબી અને ફૂડ વિભાગના દરોડામાં પડ્યા હતા જેમાં શંકાસ્પદ ઘી અને અન્ય ઉત્પાદનનો કુલ ૧.૨૪ કરોડનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો હતો. જેમાં હવે કોર્ટ કાર્યવાહી બાદ આગળ પગલા લેવામાં આવશે.કડીના બુડાસણ ગામે બે મહિના પહેલાં મહેસાણા એલસીબી અને ફૂડ ડિપાર્ટમેન્ટની ટીમોએ શંકાસ્પદ ઘી સહિતનો ૪૩ હજાર કિલોનો કુલ રૂપિયા ૧.૨૪ કરોડની કિંમતનો જથ્થો જપ્ત કર્યો હતો. જે તમામ ઘીનાં નમૂનામાં ફોરેન વેજીટેબલ ફેટ મળી આવ્યું હતું.

---

## જામનગરના પરિવાર સાથે વૃન્દાવનના પ્રખ્યાત બાંકે બિહારી મંદિરમાં મારામારી મારી

। માહિતી બ્યુરો, જામનગર, તા.૨૪ ।

મથુરામાં આવેલ પ્રખ્યાત ઠાકુર બાંકે બિહારી મંદિરમાં દર્શન કરવા ગુજરાતના જામનગરને કડવો અનુભવ થયો હતો. ઠાકુર બાંકે બિહારી મંદિરમાં ગુજરાતના ભક્તો પર હુમલો કરાયો હતો. જામનગરથી આવેલા પરિવાર ચાર-પાંચ યુવકોએ ધક્કો મારીને માર માર્યો હતો. જેમાં પ રિવારના એક વૃદ્ધ મહિલા ભક્ત બેભાન થઈ ગયા હતા. આ કેસમાં સ્થાનિક પોલીસે આરોપી યુવકની શોધખોળ શરૂ કરી છે.પ્રાપ્ત માહિતી અનુસાર, બાંકે બિહારી મંદિરમાં દર્શન કરતા સમયે વૃ દ્ધ મહિલાને ધક્કો લાગતા તેમના પુત્રએ કેટલાક લોકોને ટોક્યા હતા. જે બાદ ચારથી પાંચ યુવાનોએ જામનગરના શૈલેષ પરમાર અને તેમના માતા પ્રમિલાબેનને સાથે મારપીટ કરવાનું શરૂ કર્યું. જે બાદ પ્રમિલાબેન બેહોશ થઈ ગયા હતા. બાદમાં પોલીસ ત્યાં આવી અને માતા-પુત્રને મારપીટ કરનારની ચુંગાલમાંથી બચાવ્યા. આ બાદ વૃદ્ધાને સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. મારપ ીટ કરનાર યુવાનોની તપાસ કરવામાં આવી રહી છે.ગુજરાતના જામનગરના પ્રમિલા બેન પરમાર પ ુત્ર શૈલેષ પરમાર સાથે બાંકે બિહારી મંદિરે દર્શન માટે આવ્યા હતા. તેઓ મંદિરમાં દર્શન કરી રહ્યા હતા ત્યારે એક યુવક ધક્કો મારતો ત્યાં આવ્યો અને પ્રમિલાબેનના પુત્રએ તેને અટકાવ્યો.







## તંત્રી લેખ..

# ગામોથી લોકોની હિજરત

ઘટતી જતી આવકની વચ્ચે દેશના ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો શહેરી વિસ્તારો તરફ કુચ કરી રહ્યા છે. ગ્રામીણ વિસ્તારોમાંથી શહેરોમાં પલાયન માટે અન્ય કેટલાક કારણો પણ રહેલા છે. થોડાક દિવસ પહેલા જ નેશનલ ેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ)દ્વારા અખિલ ભારતીય. ગ્રામીણ સમાવેશી નાણાંકીય. સર્વેક્ષણના નવા હેવાલે તમામની ચિંતાને વધારી દીધી છે. આ રિપોર્ટમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે કૃષિમાં સંલગ્ન પરિવારોની આવકમાં કૃષિ અને સહાયક ગતિવિધીની હિસ્સેદારી માત્ર ૪૩ ટકાની આસપાસ રહે છે. જ્યારે ૫૭ ટકા આવક મજુરી, નોકર અને અન્ય કારોબાર મારફતે આવે છે. એવા પરિવાર જે કૃષિમાં સામેલ રહેલા નથી તેમની સરેરાશ આવક પૈકી ૫૪.૨ ટકા મજુરી, ૩૨ ટકા સરકારી અને ખાનગી નોકરીમાંથી આવે છે. માત્ર ૧૧.૭ ટકા રકમ જ કારોબારથી મળે છે. જો કૃષિ અને બિન કૃષિમાં સામેલ પરિવારને ભેળવી દેવામાં આવે તો ગ્રામીણ ક્ષેત્રોમાં માત્ર ૨૩ ટકાની આવક જ કૃષિ મારફતે થઇ રહી છે જે ચિંતાજનક ચિત્ર રજૂ કરે છે. બાકીની ૭૭ ટકા આવક મજુરી, સરકારી અને ખાનગી નોકરી તેમજ અન્ય કારોબાર મારફતે આવક થઇ રહી છે. આ આંકડાથી જે ચિંતાજનક ચિત્ર ઉપસીને સપાટી પર આવે છે તે એ છે કે ગ્રામીણ વિસ્તારોમાં આવકની દ્રશ્ટિએ ખેતીની હાલત કફોડી બનેલી છે. જો કે કોઇ બે રીતે આંકડાની તુલના કરવાની બાબત યોગ્ય રહેતી નથી. છતાં ગ્રામીણ વિસ્તારો અને શહેરી વિસ્તારો વચ્ચે તુલના કરવાની બાબત કેટલીક રીતે સોર્સ રહેલા છે. ગામો અને શહેરી વિસ્તારો વચ્ચે તુલના કરવા માટે એક જ ક્ષેત્ર રહી જાય છે તે છે આવકના સાધન. કેન્દ્રિય આંકડાકીય મંત્રાલય સંગઠન ગ્રામો અને શહેરોમાં આવકના આંકડા નિયમિત રીતે પ્રકાશિત ન કરવાના કારણે સ્થિતી પર યોગ્ય તારણ કાઢવા સરળ નથી. છતાં સ્થિતી જટિલ તરીકે ઉભરી રહી છે. નાબાર્ડે સર્વેના તારણ જારી કર્યા છે. નાબાર્ડના સર્વેક્ષણ મુજબ ૫૦ હજારથી ઓછી વસ્તીના ગામો શહેરોના કુલ ૨૧.૧૭ કરોડ પરિવારોમાં માત્ર ૧૦.૦૭ કરોડ જ કૃષિ આધારિત પરિવાર છે. આ એવા લોકો છે જેમની પાસે પરિવારના કોઇ એક સભ્યની આવક પાંચ હજારથી વધારે છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડા મુજબ દેશમાં ૬૮.૮ ટકા વસ્તી ગ્રામીણ વિસ્તારમાં રહે છે. થોડાક વર્ષ પહેલા સુધી શહેરી પ્રતિ વ્યક્તિ આવક ગ્રામીણ પ્રતિ વ્યક્તિ આવકથી નવ ગણી વધારે હતી. આંકડા શહેરી વિસ્તારમાં રહેતા લોકો અને ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો વચ્ચે વધતા જતા અંતરને સાબિત કરે છે. સાથે સાથે નિતી નિયમો તૈયાર કરનાર લોકો માટે ચિંતાજનક પણ છે. ગ્રામીણ વિસ્તારમાંથી શહેરી વિસ્તારમાં લોકોની હિજરત માટેના એક મુખ્ય કારણ તરીકે આને ગણી શકાય છે. ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો હવે ખેતીની અવગણના કરીને શહેરી વિસ્તારમાં આવી રહ્યા છે. આ પ્રવાહ જારી રહે તે યોગ્ય નથી.



### ટેકનોલોજીમાં પાછળ રહેલા લોકોની રોજગારી પર હજુ સંકટ...

**માનવ સંશાધન સાથે સંબંધિત શોધ માટે લોકપ્રિય વૈશ્વિક સંસ્થા મેન પાવર ગ્રુપે પોતાના રિપોર્ટમાં કેટલીક બાબતોનો ખુલાસો કર્યો છે આ સંસ્થાએ પોતાના રિપોર્ટ ટેલેન્ટ શોર્ટેજ સર્વે ૨૦૨૨માં કહ્યુ છે કે દુનિયાભરમાં ૪૫ ટકા કંપનીઓ હાલના સમયમાં કાર્ય માટે યોગ્ય પ્રતિભાઓની કમીનો સામનો કરી રહી છે**

# રોબોટ હવે રોજગારી આંચકી રહ્યા છે

**વિશ્વના જુદા જુદા દેશોમાં રોબોટ વિવિધ ક્ષેત્રમાં કામ કરવા લાગી ગયા છે જેથી બેરોજગારીની સમસ્યા વધશે : કુશળતા વિકસાવવાની જરૂર છે**

બેરોજગારીની સમસ્યાથી આજે સમગ્ર વિશ્વના દેશો પરેશાન છે. બેરોજગારીને દુર કરવા માટે મથામણ તમામ દેશો કરી રહ્યા છે પરંતુ આ સમસ્યા વધારે જટિલ બની રહી છે. હાલમાં એવી બાબત ઉભરીને સપાટી પર આવી છે કે આધુનિક સમયમાં રોબોટ રોજગારી પર સીધી અસર કરી રહ્યા છે. આવી સ્થિતીમાં ભારત સહિત વિકાસશીલ દેશોના શ્રમિકોના રોજગારની સુરક્ષા માટે હવે એવા લોકોના સમર્થનની નીતિ બનાવવી પડશે જે ટેકનોલોજી વિકાસમાં પાછળ છે. માનવ સંશાધન સાથે સંબંધિત શોધ માટે લોકપ્રિય વૈશ્વિક સંસ્થા મેન પાવર ગ્રુપે પોતાના રિપોર્ટમાં કેટલીક બાબતોનો ખુલાસો કર્યો છે. આ સંસ્થાએ પોતાના રિપોર્ટ ટેલેન્ટ શોર્ટેજ સર્વે ૨૦૨૨માં કહ્યુ છે કે દુનિયાભરમાં ૪૫ ટકા કંપનીઓ હાલના સમયમાં કાર્ય માટે યોગ્ય પ્રતિભાઓની કમીનો સામનો કરી રહી છે. જ્યારે ભારતમાં ૫૬ ટકા કંપનીઓને યોગ્ય અને ખાલી રહેલી જગ્યાઓ પર સારા અને કુશળ કર્મચારીઓ મળી રહ્યા નથી. એક બાજુ લાયક અને કુશળ કર્મચારીઓની માંગ રોકેટ ગતિથી વધી રહી છે ત્યારે બીજી બાજુ રોજગારની જરૂર માટે નવી ચિંતા દેશ વિદેશમાં સપાટી પર આવી રહી છે. દેશ વિદેશમાં રોજગારીની સમસ્યા વચ્ચે રોબોટ એટલે કે યંત્રીકૃત માનવીની માંગ



વધી રહી છે. તેમની સંખ્યા સતત વધી રહી છે. દુનિયાભરમાં હાલના દિવસોમાં રોબોટની માગ વધી છે. હાલના દિવસોમાં લોકપ્રિય લેખક માર્ટિન ફોર્ડના પુસ્તક રોબોટ્સના ઉદય ટેકનોલોજી ઔર રોજગાર વિહીન ભવિષ્યના ખતરા નામથી રહેલા પુસ્તકમાં કેટલીક બાબતોને સ્પષ્ટ રીતે રજૂ કરવામાં આવી રહી છે. આ લોકપ્રિય પુસ્તકમાં માર્ટિન ફોર્ડે કહ્યુ છે કે ટેકનોલોજીના પ્રતિક સમાન રોબોટ આગળ જઇને સામાન્ય પ્રકારના કેટલાક કામ માનવી પાસેથી આંચકી લેશે. ચોક્કસપણે થોડાક સમય પહેલા સુધી વાર્તામાં જ ફિલ્મોમાં જ રોબોટ અમે જોતા હતા અને સાંભળતા હતા. માત્ર કલ્પના કરવામાં આવતી હતી. હવે આ રોબોટ સાકાર રૂપ લઇ ચુક્યા છે. સ્થિતી એ છે કે રોબોટના કારણે ૨૧મી સદીમાં વૈશ્વિકરણ અને યાંત્રીકરણના દોરમાં રોબોટ સમસ્યા ઉભી કરી રહ્યા છે. દુનિયાના કેટલાક દેશોમાં રોબોટ સામાન્ય નીવન અને ઉદ્યોગ-કારોબારના મહત્વપૂર્ણ હિસ્સા તરીકે બનતા નજરે પડી રહ્યા છે. કેટલીક જગ્યાએ તો રોબોટ રેસ્ટોરન્ટમાં ભોજન બનાવવા, પિરસવા અને પ્લેટ ઉઠાવવા માટેના કામ કરી રહ્યા છે. વજન ઉઠાવીને ચાલી પણ રહ્યા છે. કેટલાક રોબોટ ઓટો ચલાવી રહ્યા છે. સૌથી વધારે રોબોટ જાપાનમાં કામ કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે આ સમય જાપાન સૌથી ટેકનોલોજી ધરાવતા દેશ તરીકે છે. જાપાનમાં આશરે ૩.૫૦ લાખ, અમેરિકામાં પોણા બે લાખ, ચીનમાં એક લાખથી વધારે રોબોટ છે. ભારતમાં પણ રોબોટની સંખ્યા ૧૬ હજારથી વધારે છે. રોબોટના ઉપયોગ સંબંધિત તમામ વૈશ્વિક અભ્યાસ દર્શાવે છે કે સમગ્ર દુનિયામાં રોજગાર હવે રોજગારી પર અસર કરી રહ્યા છે. આવી સ્થિતીમાં ભારતમાં પણ અસર થઇ રહી છે. ભારત સહિતના વિકાસશીલ દેશોને હવે કેટલીક નવી બાબત પર કામ કરવાની જરૂર છે. જે લોકો ટેકનોલોજીમાં પાછળ છે તે લોકોની રોજગારી જવાનુ સંકટ છે. જે લોકો કોમ્પ્યુટર શિક્ષિત નથી. તેમની રોજગારી જઇ શકે છે. આવી સ્થિતીમાં ટ્રેનિંગ, શિક્ષણ અને કુશળતા પ્રદાન કરાવીને રોજગારી જતી રહેવાના ખતરાને રોકી શકાય છે. આના પર ગંભીરતાપૂર્વક ધ્યાન આપવાની જરૂર છે. બેરોજગારીનો મુદ્દો ભારત સહિતના દેશોમાં પહેલાથી જ જટિલ બની ચુક્યો છે. માત્ર ભારતમાં જ નહી બલ્કે ફ્રાન્સ સહિતના યુરોપના દેશોમાં પણ બેરોજગારી સામે લડવા માટે તમામ દેશ મુશ્કેલી અનુભવ કરી રહ્યા છે. આવી સ્થિતીમાં રોબોટ જીવન રૂરી કામો કરવા લાગી ગયા છે. જે વધારે ચિંતાજનક બાબત છે. એકબાજુ બેરોજગારીને દુર કરવા માટે સંરક્ષણાત્મક પગલા લેવામાં આવી રહ્યા છે ત્યારે રોબોટ સમસ્યા સર્જી રહ્યા છે. હવે આવનાર સમયમાં રોબોટનો ઉપયોગ વધવામાં આવનાર છે. આવી સ્થિતીમાં યુવાનો ધીમે ધીમે જુદી જુદી કુશળતા વિકસિત કરે તે જરૂરી છે. કારણ કે રોબોટની સામે ટક્કર લેવા માટે આ બાબત ઉપયોગી રહેશે.

# રાજનીતિ એવું કોયડુ છે જેમાં કહેણી અને કરણીમાં ફરક હોય છે

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે જાહેરાત કરી છે કે ૨૦૨૫ની વિધાનસભા ચૂંટણી રાષ્ટ્રીય જનતા દળના યુવા નેતા તેજસ્વી યાદવના નેતૃત્વમાં લડવામાં આવશે અને ત્યારબાદ તેજસ્વી જ રાજ્યના મુખ્યમંત્રી હશે. તેમના આ સુવિચારનું સ્વાગત કરવું જોઇએ. વાસ્તવમાં તેજસ્વી ભવિષ્યના નેતા છે અને નીતિશ જેવા અનુભવી વયોવૃદ્ધ નેતાઓને યુવાનોને આગળ આવવા માટે માર્ગ આપવો જોઇએ. પરંતુ રાજનીતિ એવું કોયડુ છે જેમાં કહેણી અને કરણીમાં ફરક હોય છે. બિહાર વિધાનસભા ચૂંટણી આડે હજુ તો બે વર્ષનો સમય છે અને આગામી બે વર્ષમાં રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે કેવા રાજકીય સમીકરણો બનશે તે વિશે હાલ તો કંઇ જ કહી શકાય તેમ નથી. તેથી દાવો ન કરી શકાય કે તેજસ્વી જ આગામી મુખ્યમંત્રી હશે. જાકે સામાજિક અને જાતીય દૃષ્ટિએ મહાગઠબંધન અત્યંત શક્તિશાળી છે અને તેનું નેતૃત્વ કરનાર રાજ્યના કોઇ અન્ય રાજકીય પક્ષ કે ગઠબંધન પર ભારે પડશે. જદયુ, રાજદ અને કોંગ્રેસનું મહાગઠબંધન ૨૦૧૫ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ પર ભારે પડ્યું હતું. નીતિશ ના તો માત્ર અનુભવી, પરંતુ ચતુર રાજનીતિક છે. તેમની જાહેરાતથી સ્પષ્ટ થાય છે કે મુખ્યમંત્રીની ખુરશી પર તેજસ્વીની તાજપોશી કરી પોતે વિપક્ષની એકતાનું નેતૃત્વ કરવા માગે છે. તેનો અર્થ એ છે કે પોતાના રાજકીય જીવનના ઉત્તરાર્ધમાં તેમણે બે લ-ય નક્કી કર્યા છે. એક, ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં કેન્દ્રની સત્તામાંથી નરેન્દ્ર મોદીને બેદખલ કરવા અને બીજું, ૨૦૨૫માં તેજસ્વીના નેતૃત્વમાં મહાગઠબંધનની સરકાર બનાવવી. દેશનો એક નાનકડો વર્ગ નીતિશને મોદી વિરૂદ્ધ વડાપ્રધાન પદના સંભવિત ઉમેદવાર તરીકે જોઇ રહ્યો છે. એક મહત્વનો સવાલ એ છે કે વિપક્ષ કે અન્ય દિગ્ગજ નેતાઓ શું તેમને પોતાના નેતા સ્વીકારશે? જોકે નીતિશનું કહેવું છે કે તેઓ વડાપ્રધાન પદના દાવેદાર નથી. પરંતુ હકીકત એ પણ છે કે કોઇ પોતાની જાતને આ પદના દાવેદાર ગણાવતા પણ નથી. જો ખરેખર નીતિશ કેન્દ્રની સત્તામાંથી મોદીને બેદખલ કરવા માટે વિપક્ષી એકતાનું અભિયાન આગળ વધારવા માગતા હોય તો તેમણે રાજનીતિમાંથી સંન્યાસની જાહેરાત કરવી જોઇએ. આમ કરીને તેઓ વિપક્ષના નેતાઓનો વિશ્વાસ મેળવી શકશે. જોકે સત્તાનો સ્વાદ એટલો તો મધુર હોય છે કે એક વાર તેને ચાખી લીધા બાદ કોઇ સામેથી તેનો ત્યાગ કરી શકતો નથી.



### જાપાનમાંથી ભારતમાં ભારત આવેલા ઓકી દોની બોલબાલા છે...

**જે જાપાનથી ભારત આવ્યા બાદ તેને લઇને પણ જાણકાર નિષ્ણાંતો અને યોગ ગુરૂમાં ચર્ચા જોવા મળી રહી છે આનો ઉપયોગ પણ કેટલીક બિમારીમાં ફાયદાકારક સાબિત થાય છે**

# ઓકી દો એક પ્રકારથી યોગ જ છે

**ઓકી દોમાં તાવને ઉતારી દેવા માટે ૧૫ મિનિટની વોટર થેરાપી પણ હોય છે : જુદા જુદા પ્રકારના યોગ શરીરની કેટલીક તકલીફ દુર કરે છે**

ઓકી દો યોગના જ એક સ્વરૂપ તરીકે છે. જે જાપાનથી ભારત આવ્યા બાદ તેને લઇને પણ જાણકાર નિષ્ણાંતો અને યોગ ગુરૂમાં ચર્ચા જોવા મળી રહી છે. આનો ઉપયોગ પણ કેટલીક બિમારીમાં ફાયદાકારક સાબિત થાય છે. ઓકી દો યોગમાં તાવને ઉતારી દેવા માટે ૧૫ મિનિટની વોટર થેરોપી હોય છે. ત્રણ મુખ્ય સિદ્ધાંત એકાગ્રતા, ડીપ બ્રિથિંગ અને મુવમેન્ટ રહે છે. યોગ કરવાથી શરીર ફિટ અને હેલ્થી રહે છે.

શરીરમાં તાકાત આવે છે. આત્મવિશ્વાસમાં વધારો થાય છે. ઓકી દોમાં સ્ટ્રેચેબલ યોગથી શરીર સોફ્ટ બને છે. તેના ત્રણ મુખ્ય સિદ્ધાંત રહેલા છે. જેનો ઉલ્લેખ ઉપર કરવામાં આવ્યો છે. તેને કરતી વેળા પાંચ ચીજો બોડી એન્ડ મુવમેન્ટ, માઇન્ડ હાર્ટ, ડાઇટ, બ્રિથિંગ અને શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. વોટર થેરાપીની વાત કરવામાં આવે તો આ પ્રક્રિયામાં રોગીને સીધી રીતે જમીન પર સુવડાવી દેવામાં આવે છે. ત્યારબાદ પાણીથી ભરેલા જગને દર્દીની પાસે રાખીને ઓકી દો નિષ્ણાંત બે ત્રણ ઘેરી શ્વાસ લઇને છોડે છે. ત્યારબાદ નિષ્ણાંત પોતાના ડાબા હાથને રોગીના ગરદનની પાછળ અને માથા પર રાખે છે. જમણા હાથની પાંચેય આંગળીને પાણીના જગમાં નાંખે છે. ઘેરા



શ્વાસ લઇને ડબા હાથથી ભરેલા અનુભવ કરે છે. જમણા હાથની હથેળીથી સામાન્ય તાવ અને શારરિક સમસ્યાને પાણીમાં ઉતારવામાં આવે છે. ૧૫ મિનિટ સુધી આ પ્રક્રિયા કરવામાં આવે છે. ઓકી દોમાં એક ત્રિકોણાસન પણ છે. જે ઉભા થઇને કરવામાં આવે છે. આના ભાગરૂપે સૌથી પહેલા ઉભા થઇને પગ ખોલી દેવાની જરૂર હોય છે. ત્યારબાદ હાથ ફેલાવી દેવામાં આવે છે. છાંતી અને પેટ ફુલાવીને શ્વાસ અંદરની તરફ ખેંચવામાં આવે છે. મોથી શ્વાસને ધીમે ધીમે છોડીને નીચે તરફ ઝુંકવામાં આવે છે. ત્યારબાદ ડાબા હાથ જમણા પગની તરફ લઇ જવામાં આવે છે.

ગરદનને ઉપરની બાજુ કરવામાં આવે છે. ત્યારબાદ ધીમે ધીમે શ્વાસ ભરીને ઉભા થવાની જરૂર હોય છે. આ પ્રકારથી આ પ્રકિયા ૩-૫ વખત કરવામાં આવે છે. આના કારણે સ્થુળતા, પેટ, કમર , ખભા અને કમર સાથે સંબંધિત બિમારીને દુર કરી શકાય છે. મહિલાઓ, હાઇ બીપી ધરાવનાર દર્દી અને હાર્ટ સાથે સંબંધિત રોગ ધરાવતા દર્દીને નિષ્ણાંતની સલાહ મુજબ ઓકી દો યોગ કરવા માટે કહેવામાં આવે છે. ત્રિકોણાસન બેસીને પણ કરવામા આવે છે. સૌથી પહેલા બેસીને બંને પગને બે ફુટ સુધી ખોલી દેવામાં આવે તે જરૂરી હોય છે. ત્યારબાદ શ્વાસને ધીમે ધીમે નાકથી ખેંચવા કહેવામાં આવે છે. છાતી અને પેટ ફુલાવીને મોથી શ્વાસને ધીમે ધીમે એક સાઇડ શરીરને પાછળ બાજુ લઇ જવામાં આવે છે. બે ત્રણ ઘેરા શ્વાસ લેતા રોકાઇ જવા માટે કહેવામાં આવે છે. આ પ્રક્રિયાને બીજી બાજુ પણ કરવામાં આવે તે જરૂરી છે. શ્વાસ લેવા અને છોડવા માટે કહેવામાં આવે છે. આ યોગ પાંચથી સાત વગર કરવામાં આવે તેમ નિષ્ણાંતો કહે છે. આ યોગ કરવાથી કમર, પેટ, અસ્થમાની તકલીફ દુર થાય છે. ખભાના ટ્વિસ્ટ યોગ પણ કરવામાં આવે ચે. આના માટે સૌથી પહેલા શરીરને આગળની બાજુ ઝુંકાવી દેવામાં આવે છે. ત્યારબાદ ઘુંટણને વાળીને કમરને પાછળ ધકેલી દેવામાં આવે છે. ત્યારબાદ ચહેરાને પાછળ બાજુ લઇ જવામાં આવે છે. મોથી શ્વાસ છોડીને પેટ અંદરની બાજુમાં લઇ જવામાં આવે છે.

આ જ પ્રકારથી વિપરિત સાઇડમાં પણ કરવામાં આવે છે. બંને પગ પર એક સમાન ભાર હોવા જોઇએ. આ પ્રક્રિયાને ૫-૭ વખત દોહરાવી શકાય છે. આના કારમે જોડના દુખાવા, પીઠના નિચલા હિસ્સાના દુખાવાથી રાહત મળે છે. ઉપરાંત અન્ય પિડા પણ દુર થાય છે. તેજ કમરના દર્દીને તબીબોની સલાહ લીધા બાદ જ આ પ્રકારના યોગ કરવાની સલાહ નિષ્ણાંતો આપે છે. તાડાસન પણ ઉપયોગી યોગ સાબિત થાય છે. યોગને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા માન્યતા આપવામાં આવ્યા બાદ ભારતમાં યોગની લોકપ્રિયતા સતત વધી રહી છે. યોગ કરનાર લોકોની સંખ્યામાં સતત વધારો થઇ રહ્યો છે.

### ખરાબ લાઇફસ્ટાઇલથી હાર્ટના રોગ । હાર્ટ અટેકના રોગીની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થઇ રહ્યો છે

# હાલના સમયમાં યુવા વર્ગમાં પણ હાર્ટ રોગ સંબંધિત કેસો સતત વધી રહ્યા છે : પુરૂષ અને મહિલાઓ માટે ચિંતાજનક વિષય બન્યો છે

ખરાબ લાઇફસ્ટાઇલના કારણે આધુનિક સમયમાં હાર્ટ સંબંધિત દર્દીઓના કેસમાં વધારો થઇ રહ્યો છે. ખરાબ લાઇફસ્ટાઇલના કારણે યુવાનો પણ હાર્ટના રોગના શિકાર થઇ રહ્યા છે. દિલ્હીમાં પટપડગંજમાં સ્થિત મેક્સ હોસ્પિટલના હાર્ટના નિષ્ણાંત તબીબના કહેવા મુજબ ખરાબ લાઇફસ્ટાઇલ ઘાતક બની રહી છે. ખરાબ લાઇફસ્ટાઇલ અને અવ્યવસ્થિત રીતના કારણે દર્દીઓ પરેશાન થયેલા છે. દર્દીઓની સંખ્યામાં સતત વધારો થતા આને લઇને ચિંતા વધી રહી છે. શહેર અને ગ્રામીણ વિસ્તારમાં એક સમાન તકલીફ વધી રહી છે. એવુ પણ જાણવા મળી રહ્યુ છે કે યુવા વર્ગમાં ખતરો સતત વધી રહ્યો છે. પુરૂષ અને મહિલા બન્ને માટે આ બાબત ખતરનાક બનેલી છે. નિષ્ણાત તબીબો કહે છે કે સૌથી વધુ મોત દુનિયામાં હાર્ટ અટેક અને હાર્ટ ફેલ થવાના કારણે થાય છે. વિશ્વભરમાં આશરે ૧.૭૦ લાખ લોકોના મોત હાર્ટની બિમારીના કારણે



થાય છે. આવી જ રીતે ભારતમાં ૩૦ લાખ લોકોના મોત સીવીડી કાર્ડિઓ વેસ્ક્યુલર બિમારીના કારણે થાય છે. જેમાં હાર્ટ અટેક અને હાર્ટ સ્ટ્રોક પણ સામેલ છે. નિષ્ણાંત તબીબો કહે છે કે સામાન્ય રીતે વ્યસ્ત રહેલી લાઇફસ્ટાઇલના કારણે યુવા શારરિક ગતિવિધી પર વધારે ધ્યાન આપી શકતા નથી. જેના કારણે કાર્ડિયોવેસ્કુયલર ડીસિઝ, ટાઇપ બે ડાયાબિટીસ અને સ્થુળતા જેવી બિમારીનો ખતરો બે ગણો રહે છે. તે હાઇ બ્લડ પ્રેશર લિપિડ લેવલ્સને પણ વધારી દે છે. જે સીધી રીતે હાર્ટની બિમારી સાથે જોડાયેલ રહે છે. હાથમાં જુદા જુદા પ્રમાણમાં બ્લડપ્રેશરના સીધા સંબંધ હાર્ટ એટેકના ખતરા સાથે છે.

ડાબા હાથમાં રહેનાર બ્લડપ્રેશર જમણા હાથ કરતાં અલગ છે તો હાર્ટ એટેક અથવા તો સ્ટ્રોકનો હુમલો થવાનો ખતરો રહેલો છે. આજે પ્રકાશિત કરવામાં આવેલા નવા લેન્ડસેટમાં આ મુજબની વાત કરવામાં આવી છે. આમા જણાવવામાં આવ્યું છે કે હાથની વચ્ચે જુદા જુદા બ્લડપ્રેશરનું પ્રમાણ વેસક્યુલર રિસ્ક અને મોત વચ્ચે સીધા સંબંધ ધરાવે છે. આ પ્રકારના તારણો બંને હાથના બ્લડપ્રેશરની ચકાસણી માટે કરવામાં આવતી વાતને સમર્થન આપે છે. હાથની વચ્ચે પ્રતિકાત્મક બ્લડપ્રેશર અલગ અલગ હોવાની સ્થિતિમાં ચકાસણીની વાત કરવામાં આવ્યા બાદ વધુ પરિક્ષણ કરવામાં આવી રહ્યા છે. અભ્યાસના ભાગરૂપે જુદા જુદા બ્લડપ્રેશરને આવરી લેતા ૨૮ પેપરોની ચકાસણી કરવામાં આવી હતી. આમા જાણવા મળ્યું કે ૧૫ એમએમ એચજી અથવા તો વધુના અંતરનો સીધો સંબંધ વેસક્યુલર રોગના ખતરા સાથે સંબંધિત છે. લોહીના પુરવઠાનો પણ આની સાથે સીધો સંબંધ છે.સામાન્ય રીતે અમે એક હાથમાં બીપીની ચકાસણી કરાવીએ છીએ. ડાયાબીટીશના કેસમાં અમે બંને હાથ અને પગમાં ચકાસણી કરાવીએ છીએ. સામાન્ય રીતે ભારતમાં ૩૦ ટકા દર્દીઓના બંને હાથ વચ્ચે ૧૦ એમએમ એચજી અંતર છે. જો કે બંને હાથમાં બીપી ચકાસણી એક સામાન્ય કવાયત છે. આના પાળવામાં આવે તે જરૂરી છે. બીજી બાજુ હાર્ટ કેર ફાઉન્ડેશન ઓફ ઇન્ડિયાના પ્રમુખ કાર્ડિયોલોજીસ્ટે કહ્યુ છે કે એક દર્દી પ્રથમ વખત આવે છે ત્યારે ચારે હાથપગમાં બીપીની ચકાસણી કરવામાં આવે છે. નિષ્ણાંતોનું કહેવું છે કે હાથમાં બ્લોકેઝ બેઈન વેસલ્સ અને હાર્ટની ધમનીઓમાં બ્લોકેઝ સાથે સંબંધ ધરાવે છે.જુદા જુદા પ્રકારના પોષક તત્વો ધરાવતાં ફ્રૂટ આરોગ્ય માટે ખૂબ જ ઉપયોગી રહે છે. હવે ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સફરજન હાર્ટ સાથે સંબંધિત તકલીફોને દૂર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. હાર્ટના આરોગ્યને જાળવી રાખવામાં તે ઉપયોગી છે. કાર્ડિયો હેલ્થ સાથે સફરજનના સીધા સંબંધો રહેલા છે. યુનિવર્સિટી ઓફ વેસ્ટન ઓસ્ટ્રેલિયામાં ફાર્મા કોલોજીમાં તબીબી વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે સફરજનમાં ઘણા પોષક તત્વો રહેલા છે. નાઇટ્રિક ઓક્સાઇડ (એનઓ) ઉત્પાદન પર સફરજનની અસરમાં અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. આ તમામ પ્રકારના પોષક તત્વો હાર્ટ માટે ઉપયોગી સાબિત થાય છે. કે ઇન્ડોથેલિયમના નાઇટ્રિક ઓક્સાઇડ ઉત્પાદન કરવામાં તથા બ્લડ વિસલ સાથે સંબંધ રહેલા છે. વિટામીન પી અને સીલટ્રીન તરીકે જાણીતા ફ્લેવોનોઇડ સફરજનના સ્કીન ઉપર અસરમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે.



Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

‘હું હવે ક્યારેય ઓડિશન નહીં આપું...’

# ભુવન બામે વર્ણવી ગ્લેમરસ જીવનની વરવી વાસ્તવિકતા



તાજેતરમાં એક ઈવેન્ટમાં ભુવન બામે તેની કારકિર્દીની સફર વિશે વિગતવાર વાત કરી છે. આ દરમિયાન પણ દર્શકો તેના જવાબ પર જોરદાર અવાજ ઉઠાવતા રહ્યા હતા. ભુવન બામે ગ્રેટર નોઈડાની આખી જિંદગી બદલી નાખનારી ઘટના કહી છે. તેણે જણાવ્યું હતું કે, ‘હું રિયાલિટી શોના ઓડિશન માટે ગ્રેટર નોઈડા ગયો હતો. મારો વારો આવ્યો ત્યારે ઓડિશનનો સમય પૂરો થઈ ગયો હતો. પછી આયોજકોએ મને બીજા દિવસના ઓડિશન માટે ટોકન સાથે આવવા કહ્યું. પરંતુ બીજા દિવસ ટોકન મેળવવા યુવાનો એકબીજા સામે હરીફાઈ કરવા લાગ્યા હતા.’આ વાત કરતા તેણે જણાવ્યું હતુ કે, ‘ભીડને કાબૂમાં લેવા માટે માર મારવામાં આવી રહ્યો હતો. હું એક ખૂણામાં ઊભો હતો ભૂખ્યો અને તરસ્યો, સવારે ૬-૭ કલાક સુધી ઓડિશન માટે તેના વારાની રાહ જોતો હતો. પછી તે ત્યાંથી એ વિચારીને ચાલ્યો ગયો કે તે તેના જીવનમાં ક્યારેય ઓડિશનમાં ભાગ નહીં લે. પછી મે ઈન્ટરનેટ મીડિયા પર યુટ્યુબર તરીકે કારકિર્દી બનાવવાનું નક્કી કર્યુ હતું.’ભુવને વીડિયો બનાવવા અને તેના પર માતા-પિતાની પ્રતિક્રિયા અને રસપ્રદ કિસ્સો જણાવતા કહ્યું કે, ‘જ્યારે પપ્પા મારા જોક્સ પર હસી પડ્યા. તે યાદગાર ક્ષણ હતી. પછી ધીમે-ધીમે ઈન્ટરનેટ મીડિયાથી ઓટીટી સુધીની સફર કરી. આમાં ઘણા પડકારો ઊભા થયા.

# ‘સુવિધાઓ નહીં તો ભારતમાં કોન્સર્ટ નહીં’ કહીને પોસ્ટ ડિલીટ કરી

સિંગર દિલજિતે પલટી મારી



દિલજિતે દોસાંજે પોતાના ચંદીગઢના કોન્સર્ટમાં ૧૪ ડિસેમ્બરે જાહેરાત કરી હતી કે જ્યાં સુધી ભારતમાં લાઈવ કોન્સર્ટની સુવિધાઓમાં સુધારો નહીં થાય ત્યાં સુધી તે ભારતમાં કોઈ કોન્સર્ટ કરશે નહીં. આ વાતનો દિલજિતનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. જેમાં તે કહેતો હતો, “અહીં આપણા લાઈવ શો માટે કોઈ સુવિધા જ નથી. આમાંથી મોટી કમાણી થતી હોય છે. ઘણા લોકોને તેના કારણે કામ મળે છે. હવે પછી હું કોશિશ કરીશ કે સ્ટેજ મેદાનની વચ્ચે હોય અને તમે બધાં એની આસપાસ રહી શકો. આવું ન થાય ત્યાં સુધી હું ભારતમાં કોઈ શો કરીશ નહીં, પક્કું.” તેણે આ અંગે નિવેદન પણ શેર કર્યું હતું, પરંતુ મંગળવારે તેણે ફરી એક વખત સોશિયલ મીડિયા પર એક પોસ્ટ કરીને કહ્યું કે તેના નિવેદનનો ખોટો અર્થ કાઢવામાં આવ્યો છે. પરંતુ પછી તેણે આ પોસ્ટ ડિલીટ કરી હતી. તેણે એક્સ પર ટ્વીટ કરીને સ્પષ્ટતા કરી હતી કે, “તેને માત્ર ચંદીગઢના વેન્યુ(કોન્સર્ટનું સ્થળ) સાથે વાંધો હતો.” આગળ તેણે લખ્યું, “જ્યાં સુધી ચંદીગઢમાં યોગ્ય વેન્યુ ન મળે ત્યાં સુધી ચંદીગઢમાં આગળ કોઈ શો પ્લાન કરશે નહીં. બસ એટલું જ.” દિલજિતની દિલ-ઈલુમિનાતિ ટુર સફળ રહી છે અને નોર્થ અમેરિકા, યુરોપ અને ભારત સહીત દરેક કોન્સર્ટમાં મોટી સંખ્યામાં તેના ફેન્સે શોની મજા લીધી હતી.દિલજિતની આ ટુર ૨૭ એપ્રિલે વાનકુંવરથી શરૂ થઈ હતી.

# પુષ્પા ૨નો બુખાર બીજા સપ્તાહે પણ બરકરાર રહ્યો

અલ્લુ અર્જુનની ફિલ્મ દરરોજ બોક્સ ઓફિસ પર મજબૂત કમાણી કરી રહી છે અને નવા રેકોર્ડ બનાવી રહી છે




અલ્લુ અર્જુનની ફિલ્મ દરરોજ બોક્સ ઓફિસ પર મજબૂત કમાણી કરી રહી છે અને નવા રેકોર્ડ બનાવી રહી છે. શાનદાર કલેક્શન સાથે, હવે ફિલ્મ આરઆરઆરને હરાવવાની ખૂબ નજીક છે.‘પુષ્પા ૨: ધ રૂલ’ની ગતિ બોક્સ ઓફિસ પર અટકવાના કોઈ સંકેત દેખાડી રહી નથી. આ ફિલ્મ ૫મી ડિસેમ્બરે સ્ક્રીન પર રિલીઝ થયાને ૯ દિવસ થઈ ગયા છે. અલ્લુ અર્જુનની ફિલ્મ બોક્સ ઓફિસ પર સારી કમાણી કરી રહી છે અને દરરોજ નવા રેકોર્ડ બનાવી રહી છે.અહેવાલ મુજબ, ‘પુષ્પા ૨: ધ રૂલ’એ બોક્સ ઓફિસ પર ૧૭૪.૯૫ કરોડ રૂપિયાની ઓપનિંગ કરી હતી. શાનદાર દૈનિક કમાણી સાથે, ફિલ્મે ૫હેલા અઠવાડિયામાં ૭૨૫.૮ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો, જ્યારે બીજા સપ્તાહમાં પણ ફિલ્મ જોરદાર કમાણી કરી રહી છે. નવમા દિવસે ‘પુષ્પા ૨: ધ રૂલ’ એ કુલ ૩૬.૨૫ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું છે.‘પુષ્પા ૨: ધ રૂલ’ આરઆરઆરને હરાવી દેશે?અલ્લુ અર્જુનની ફિલ્મે હવે ઘરેલુ બોક્સ ઓફિસ પર ૭૬૨.૧ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. હવે આ ફિલ્મઆરઆરઆરને હરાવવાની ખૂબ નજીક છે જેણે ભારતમાં કુલ રૂ. ૭૮૨.૨ કરોડની કમાણી કરી હતી. હાલમાં, ‘પુષ્પા ૨: ધ રૂલ’ ભારતની ચોથી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ છે, તે આરઆરઆરને પાછળ છોડીને ત્રીજા નંબરે તેનું સ્થાન લેશે.

# રેપર-સિંગર બાદશાહને ગુરુગ્રામ પોલીસે ફટકાર્યો મોટો દંડ



રેપર-સિંગર બાદશાહને એક ભૂલ ભારે પડી છે. ગુરુગ્રામ પોલીસે રેપર-સિંગરનું ટ્રાફિક નિયમો ફોલો ન કરવાના કારણે ચલણ કાપ્યું છે. બાદશાહ ગુરુગ્રામમાં એક કોન્સર્ટમાં સામેલ થવા માટે આવ્યો હતો. જે ગાડીમાં બાદશાહ સવાર હતો, તે ગાડી રોંગ સાઈડમાં ચલાવવામાં આવી રહી હતી. ત્યારે ટ્રાફિક પોલીસે બાદશાહનું ચણલ કાપ્યું છે. બાદશાહ ગુરુગ્રામના સેક્ટર ૬૮માં એયરિયા મોલમાં આયોજિત કરણ ઔજલાના કોન્સર્ટમાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી પ્રમાણે બાદશાહ બ્લેક રંગની થાર કારમાં ગુરુગ્રામ પહોંચ્યો હતો. આ ગાડી પાણીપતના એક યુવકના નામે રજિસ્ટર્ડ છે. બીજી તરફ બાદશાહની કાર રોંગ સાઈડમાં ચલાવવા પર સોશિયલ મીડિયા પર લોકોએ સવાલો ઉઠાવતા પોલીસ પણ એક્શનમાં આવી ગઈ અને કાર્યવાહી કરતા ટ્રાફિકના નિયમો તોડવા બદલ રેપર-સિંગરને મોટો દંડ ફટકાર્યો છે. તમને જણાવી દઈએ કે, રોંગ સાઈડમાં ગાડી ચલાવવા બદલ ગુરુગ્રામ પોલીસે બાદશાહ પાસેથી મોટો દંડ વસૂલ્યો છે.


# કરિશ્માએ રણધીરને ટેકો આપીને પુત્રીની ફરજ નિભાવી

સમગ્ર ફિલ્મ ઉદ્યોગના કલાકારો હાજર રહ્યાં

પીઢ અભિનેતા અને દિગ્દર્શક રાજ કપૂરની ૧૦૦મી જન્મજયંતિ પર, તેમનો આખો પરિવાર તેમની ફિલ્મોની ઉજવણી કરવા માટે એક છત નીચે એક સાથે આવ્યો હતો. આ ખાસ અવસર પર, આલિયાનો તેની સાસુ અને ભાભી પ્રત્યેનો પ્રેમ જોવા મળ્યો, જ્યારે કરિશ્મા કપૂરે તેના પિતાની પુત્રી તરીકેની ફરજ ખૂબ જ સારી રીતે નિભાવી.કરિશ્મા કપૂર તેના પિતા રણધીર કપૂરને ચાલવામાં મદદ કરતી જોવા મળે છે. કરિશ્મા સતત તેના પિતાનો હાથ તેના ખભા પર રાખતી હતી.બોલિવૂડના ફેવરિટ કપલ રણબીર કપૂર અને આલિયા ભટ્ટ શુક્રવારે દિવંગત ફિલ્મ સર્જક રાજ કપૂરની ઉજવણીમાં હાજરી આપવા પહોંચ્યા હતા. નીતુ કપૂર અને તેની પુત્રી રિદ્ધિમા કપૂર સાહની પણ તેની સાથે જોડાયા હતા. પરિવારે પાપારાઝી માટે પોઝ પણ આપ્યો હતો. નીતુએ આલિયાને જોતાની સાથે જ તેના લુકના વખાણ કર્યા હતા જ્યારે રિદ્ધિમાએ આવતાની સાથે જ તેને ગળે લગાવી હતી. રણબીર કપૂર અને આલિયા ભટ્ટ રાજ કપૂરની ૧૦૦મી જન્મજયંતિની ઉજવણી માટે પહોંચ્યા ત્યારે તેઓ હાથમાં હાથ મિલાવીને ચાલતા જોવા મળ્યા હતા. આલિયા સફેદ સાડીમાં સુંદર લાગી રહી હતી. તેણે ખાલી ગોલ્ડન નેકપીસ પહેર્યો હતો. આ દરમિયાન નીતુ કપૂર અને રિદ્ધિમા પણ તેમની સાથે તસવીરો માટે જોડાયા હતા.



# પવિત્રા પુનિયા પર ધર્મ બદલવા માટે દબાણ કરી રહ્યો હતો એજાઝ ખાન?



પવિત્રા પુનિયા અને એજાઝ ખાન એક સમયે નાના પડદાના સૌથી ફેવરિટ કપલ્સમાં ગણવામાં આવતા હતા, પરંતુ ચાર વર્ષ સુધી ડેટિંગ કર્યા બાદ બંને અલગ થઈ ગયા હતા. આ વર્ષની શરૂઆતમાં, પવિત્રા અને એજાઝે અચાનક તેમના અલગ થવાની જાહેરાત કરીને ફેન્સને દંગ કરી દીધા હતા. હવે મહિનાઓ પછી પવિત્રાએ જણાવ્યું કે તેના પર ધર્મ બદલવાનું દબાણ હતું.પવિત્રા પુનિયાએ બ્રેકઅપ બાદ ઘણી વખત એજાઝ ખાન સાથેના સંબંધો વિશે વાત કરી છે. એક્ટ્રેસે પહેલા કહ્યું હતું કે તેમના વિચારો મેળ ખાતા નથી જેના કારણે તેઓએ અલગ થવાનો નિર્ણય લીધો હતો અને હવે તેણે ખુલાસો કર્યો છે કે તેના પર દબાણ કરવામાં આવી રહ્યું હતું.એક ઈન્ટરવ્યુમાં પવિત્રા પુનિયાએ જણાવ્યું કે તેણે પહેલા જ દિવસે એજાઝ ખાનને સ્પષ્ટ કહી દીધું હતું કે તે કોઈપણ કિંમતે પોતાનો ધર્મ નહીં બદલે. એક્ટ્રેસે કહ્યું, “મેં તેમને પહેલેથી જ કહ્યું હતું કે હું મારો ધર્મ નહીં બદલું. મને કોઈ વાતથી કોઈ વાંધો નથી. હું હિંદુ-મુસ્લિમ પર ડીબેટ નથી કરતી. “પવિત્રાએ આગળ કહ્યું, “હું એટલું જ કહી રહી છું કે જો કોઈ મુસ્લિમ છોકરી હિંદુ ઘરમાં આવે તો પણ હિંદુને તેને બદલવાનો કોઈ અધિકાર નથી અને જો કોઈ હિંદુ છોકરી મુસ્લિમ ઘરમાં જાય તો તેને પણ તેને બદલવાનો કોઈ અધિકાર નથી.

# કમર્શિયલ સક્સેસ બાદ કંઈક હટકે કરવાનું વિચાર્યુ

તમન્નાહ ભાટિયા આજે બોલીવુડમાં જાણીતું નામ બની ગયું છે. એક્ટ્રેસે તેલુગુ ફિલ્મ શ્રી (૨૦૦૫) અને તમિલ ફિલ્મ કેડી (૨૦૦૬) થી સાઉથ સિનેમામાં પ્રવેશ કર્યો હતો અને ત્યારે તે માત્ર ૧૬ વર્ષની હતી. એ સમયે સિનેમા તેના માટે નવું હતું, ભાષા તેના માટે નવી હતી, લોકો તેના માટે નવા હતા. તેમ છતાં, ૧૯ વર્ષ સુધી આ ઈન્ડસ્ટ્રીમાં ટકી રહી અને આજે ૮૫ જેટલી ફિલ્મો કરી છે. તમન્નાહ દક્ષિણ ભારતમાં ઘરે ઘરે જાણીતું નામ છે. થોડા દિવસ પહેલા તેની નવી ફિલ્મ સિકંદર કા મુકદર ની રિલીઝ પહેલા તમન્નાહ તેના કો સ્ટાર અવિનાશ તિવારી અને જીમી શેરગીલ સાથે સ્ક્રીન લાઈવની બીજી આવૃત્તિમાં જોડાઈ હતી.નવી ઈન્ડસ્ટ્રીમાં સ્થાન બનાવવા માટેના શરૂઆતમાં સ્ટ્રગલ અને બાહુબલી કેવી રીતે એક કરતાં વધુ રીતે ગેમ-ચેન્જર હતી તેના વિશે વાત કરતાં તમન્ના કહે છે, ‘મારા કરતાં ઘણી મોટી ઉંમરના લોકો સાથે કામ કરવું અને એવી જગ્યાએ જ્યાં મેં કામ કર્યુ હતું. મને ખબર નથી કે ભાષા મારી સૌથી મોટી શીખ હતી. હું એક અલગ સંસ્કૃતિને સમજી શકું છું અને હવે હું તમિલ અને તેલુગુ બંને બોલી શકું છું. વાસ્તવિક સ્ટ્રગલ ત્યારે શરૂ થઈ જ્યારે મેં તમિલ અને તેલુગુ બંનેમાં બેક-ટુ-બેક બ્લોકબસ્ટર્સ દ્વારા કમર્શિયલ હિરોઈન તરીકે સફળતા મેળવી. “મને તે વ્યવસાયિક સફળતા મળી હતી, પરંતુ મને હજુ પણ એકટિંગ કરવી હતી. હું અલગ અને પડકારરૂપ ભૂમિકાઓ કરવા માંગતી હતી. વાત એ છે કે જ્યારે કોઈ અભિનેતા કમર્શિયલ રીતે સારો દેખાવ કરી રહ્યો હોય, ત્યારે એક ધારણા હતી કે તેનાથી આગળ જવું અને એકટિંગ સાથે પ્રયોગ કરવો જરૂરી નથી પરંતુ મારો ફંડા હટકે હતો, મને કંઈક આગળ કરવું હતું.’એક્ટ્રેસ તેના કરિયરના આ તબક્કે છે કે બાહુબલી બન્યું હતું અને ઘણું બદલાઈ ગયું.’



# રશ્મિકાએ વિજય દેવેરકોંડા સાથેના સંબંધોને ઓફિશિયલ કરી દીધા

રશ્મિકા મંદાનાની ફિલ્મ ‘પુષ્પા ૨’ બોક્સ ઓફિસ પર સતત જીત મેળવી રહી છે

અભિનેત્રી રશ્મિકા મંદાનાની ફિલ્મ ‘પુષ્પા ૨’ બોક્સ ઓફિસ પર સતત જીત મેળવી રહી છે. આ ફિલ્મે અત્યાર સુધીમાં વિશ્વભરમાં ૧૫૦૦ કરોડ રૂપિયાનો આંકડો પાર કરી લીધો છે. હવે આ બધાની વચ્ચે અભિનેત્રીએ એક ઈન્ટરવ્યુ દરમિયાન પોતાના પાર્ટનર વિશે વાત કરી. તેણે કહ્યું કે પ્રેમમાં રહેવું તેના માટે કેવું છે? આ સિવાય રશ્મિકા મંદાનાએ પણ પોતાના ઈન્ટરવ્યુમાં શ્રેષ્ઠ જીવનસાથીના ગુણોની ગણતરી કરી હતી. હાલમાં જ એક ઈન્ટરવ્યુ દરમિયાન ‘પુષ્પા ૨’ એક્ટ્રેસ રશ્મિકા મંદાન્નાએ સાચા પ્રેમ વિશે વાત કરી હતી. આ દરમિયાન તેણે જીવનસાથીની વિશેષતા સમજાવતા મોટી વાત કહી દીધી હતી.એક ઈન્ટરવ્યુમાં જ્યારે રશ્મિકા મંદન્નાને પૂછવામાં આવ્યું કે મુશ્કેલ સમયમાં તમને સૌથી વધુ આરામ કોણ આપે છે? તો આના પર અભિનેત્રીએ કહ્યું, ‘મારો પાર્ટનર. મને મારા જીવનના દરેક પાસામાં મારા જીવનસાથીની જરૂર છે. મને તે આરામ, સુરક્ષા અને પ્રેમની જરૂર છે.આ નિવેદન સાથે રશ્મિકાએ વિજય દેવેરાકોંડા સાથેના પોતાના સંબંધોને ઓફિશિયલ કરી દીધા છે. તમને જણાવી દઈએ કે તાજેતરમાં જ વિજયે એક ઈન્ટરવ્યુમાં પણ કહ્યું હતું કે તે તેના એક કો-સ્ટારને ડેટ કરી રહ્યો છે.અભિનેત્રીએ ઈન્ટરવ્યુમાં આગળ કહ્યું, ‘સંબંધમાં મારા માટે સૌથી મહત્વની બાબત ચોક્કસપણે દયા છે પરંતુ તેની સાથે સન્માન પણ છે. જ્યારે તમે એકબીજાનો આદર કરો છો, ખરેખર કાળજી રાખો છો અને એકબીજા માટે જવાબદાર છો, ત્યારે તે બધું સરળ અને શક્ય થઈ જાય છે.પ્રેમાળ, સહાનુભૂતિ ધરાવનાર, સંભાળ રાખનાર, સારું હૃદય ધરાવવું અને ખરેખર સત્યવાદી હોવું એ પણ સંબંધના ગુણો છે.



# શિમલા, કુફરી અને ડેલહાઉસીમાં હિમવર્ષા, બરફના સફેદ ધાબળોથી ઢંકાયેલા પર્વતો





ક્રિસમસ પહેલા રાજધાની શિમલા, કુફરી અને ડેલહાઉસીમાં હિમવર્ષા સાથે હિમાચલના પર્વતો બરફની સફેદ ચાદરથી ઢંકાઈ ગયા છે. સોમવારે, શિમલા, કિન્નૌર, કુલ્લુ, ચંબા, લાહૌલ-સ્પીતિ જિલ્લાઓ સહિત પર્વતોની રાણીના ઘણા વિસ્તારોમાં હિમવર્ષા થઈ હતી. જેના કારણે ત્રણ રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત ૩૦થી વધુ રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા છે. મનાલીના ધુમ્મસમાં ૧૦૦૦ થી વધુ પ્રવાસી વાહનો અટવાયા છે.રાજધાનીથી અપર શિમલા, મનાલીથી લાહૌલ અને કુલ્લુથી અની સુધીની રોડ કનેક્ટિવિટી કાપી નાખવામાં આવી છે. શિમલા શહેરમાં છેલ્લા નવ વર્ષમાં બીજી વખત ડિસેમ્બર દરમિયાન હિમવર્ષા થઈ છે. જોકે, હિમાચલના મેદાની વિસ્તારોમાં દુષ્કાળ હજુ પૂરો થયો નથી. કાંગડા, ચંબા, કુલ્લુ, ઉના, મંડી, સોલન અને હમીરપુર જિલ્લામાં માત્ર ઝરમર વરસાદ પડ્યો છે.શિમલાનાં લક્કમંડી, કુફરી, ફાગુ, નારકંડા, ડેલહાઉસી અને ખજ્જિયાર, રોહતાંગ, શિકારી દેવી, જલોડી પાસ, ચિત્કુલ, કલ્પા, સાંગલા, રકછમ, કમરૂનાગ, ગ્રાનફુ, કોક્સર, અટલ ટનલ રોહતાંગ, સોલંગનાલા, સોલંગનાલા અને ચુર્દનાગ ચૈલ, કરોલ અને કાલા ટિબ્બામાં પણ બરફ પડ્યો છે.

## પીકે- ૨માં એક સાથે જોવા મળશે રણબીર કપૂર-આમિર ખાન?



। મુંબઇ, તા.૨૪ ।

એનિમલ સ્ટાર રણબીર કપૂરે રાજકુમાર હિરાની નિર્દેશિત અને આમિર ખાન સ્ટારર ફિલ્મ પીકેમાં કેમિયો કર્યો હતો. હવે અફવાઓ ફેલાઈ રહી છે કે રણબીર કપૂર અને આમિર ખાન ટૂંક સમયમાં એક ફિલ્મ માટે હાથ મિલાવશે. સોશિયલ મીડિયા પર એક તસવીર વાયરલ થયા બાદ આવી અફવાઓ ફેલાઈ છે.તમને જણાવી દઈએ કે આમિર ખાનના બોડીગાર્ડ સાથે રણબીર કપૂરની એક તસવીર વાયરલ થઈ રહી છે. ફોટામાં, રણબીર બ્લુ શોર્ટ્સ, બ્લેક રનિંગ ટાઇટ્સ અને મેચિંગ કેપ સાથે ગ્રે વેસ્ટમાં જોવા મળે છે, જ્યારે આમિર ખાનનો બોડીગાર્ડ બ્લેક પેન્ટ સાથે ફોર્મલ શર્ટ પહેરેલો જોવા મળે છે. આ તસવીરને કારણે અફવા ફેલાઈ રહી છે કે, આમિર ખાન અને રણબીર કપૂર એક ફિલ્મમાં સાથે જોવા મળવાના છે.સોશિયલ મીડિયા પર લોકો આ તસવીર પર કમેન્ટ્સ કરી રહ્યાં છે. એક યુઝરે લખ્યું છે કે, ''આજે આમિર ખાનના બોડીગાર્ડ સાથે રણબીર કપૂર. ''એવું લાગે છે.

### ૨૩ લોકો હોસ્પિટલમાં દાખલ

## રાજસ્થાના જયપુર શહેરમાં એલપીજી ટેક્કર બ્લાસ્ટમાં ૧૩ લોકો જીવતા દાઝી ગયા

**ટક્કર બાદ ટેક્કરની નોઝલને નુકસાન થયું હતું । ટેક્કરમાં ભરેલો એલપીજી ગેસ વાહનમાંથી બહાર આવી ગયો હતો, જેના કારણે ભીષણ આગ લાગી હતી**

। જયપુર, તા.૨૪ ।

જયપુરમાં એલપીજી ટેક્કર બ્લાસ્ટ કેસમાં પોલીસે ટેક્કરના ડ્રાઈવર વિશે માહિતી હોવાનો દાવો કર્યો છે. દરમિયાન એસએચઓ ભાંકરોટા મનીષ શર્માએ જણાવ્યું હતું કે અથડામણ દરમિયાન ગેસ લીક થયા બાદ એલપીજી ગેસ ટેક્કરનો ડ્રાઈવર જયપુર તરફ ભાગ્યો હતો. આનાથી તેનો જીવ બચી ગયો. દ્રશ્ય એટલું ખતરનાક હતું કે જે પણ ગેસની પહોંચમાં આવે તે બળીને રાખ થઈ ગયો. જ્યાં સુધી ગેસના દરેક ટીપા ટેક્કરમાં પ્રવેશ્યા અને ઓલવાઈ ગયા ત્યાં સુધી આગ ઓલવાઈ ન હતી. આ અકસ્માતમાં ૩૦થી વધુ વાહનો આગની લપેટમાં આવી ગયા હતા.તમને જણાવી દઈએ કે જયપુર-અજમેર હાઈવે પર એક ટ્રક સાથે અથડાયા બાદ થયેલા વિસ્ફોટમાં એલપીજી ટેક્કરનો ડ્રાઈવર આબાદ રીતે બચી ગયો હતો. પોલીસે તેની ઓળખની પુષ્ટિ કર્યા પછી, તેઓ હવે એલપીજી ડ્રાઈવરને



શોધી રહ્યા હતા, તે તક મળતા જ પોલીસ સમક્ષ હાજર થયો. હવે ૧૩ લોકોના મોતના અકસ્માતની તપાસ કરી રહેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ તેની પૂછપરછ કરી રહી છે. દરમિયાન, તે જાણીતું બન્યું કે મુખ્ય પાત્ર અકસ્માતમાં કેવી રીતે બચી ગયો જેમાં ઓછામાં ઓછા ૧૩ લોકો દાઝી ગયા અને લગભગ ૪૧ લોકો દાઝી ગયા?

ટક્કર બાદ ટેક્કરની નોઝલને નુકસાન થયું હતું. ટેક્કરમાં ભરેલો એલપીજી ગેસ વાહનમાંથી બહાર આવી ગયો હતો, જેના કારણે ભીષણ આગ લાગી હતી અને ૩૦થી વધુ વાહનોને અસર થઈ હતી. ઘણા લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા અને તેમની હાલત નાજુક હતી. આ અકસ્માતમાં એલપીજી ગેસ ટેક્કર ચાલક જયવીર (૪૦) ગંભીર રીતે ઘાયલ થયો ન હતો. આગ લાગે તે પહેલા તે ભાગી ગયો હતો. પોલીસે કહ્યું કે તેમને લાગ્યું કે ટેક્કરની નોઝલ ક્ષતિગ્રસ્ત થઈ ગઈ છે.

### રાજધાની લખનૌમાં

## બેંક લોકર લૂંટ કેસના બે આરોપીઓ પોલીસ એક્કાઉન્ટરમાં માર્યા ગયા

**એક્કાઉન્ટર લખનૌના ચિનહટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્થિત કિસાન પથ ઢાલ પર થયું હતું**

। લખનૌ, તા.૨૪ ।

ઈન્ડિયન ઓવરસીઝ બેંક (આઈઓબી બેંક) લોકર લૂંટ કેસના બે આરોપીઓ યુપીની રાજધાની લખનૌમાં પોલીસ એક્કાઉન્ટરમાં માર્યા ગયા હતા. એક ગુનેગાર લખનૌમાં માર્યો ગયો અને બીજો ગાઝીપુરમાં એક્કાઉન્ટર દરમિયાન માર્યો ગયો. માહિતી અનુસાર, લખનૌ ક્રાઈમ બ્રાન્ચ અને ચિનહટ પોલીસના બદમાશો સાથે અથડામણ થઈ હતી જેમાં ૨૫,૦૦૦ રૂપિયાનું ઈનામ ધરાવતો ગુનેગાર સોબિંદ કુમાર માર્યો ગયો હતો. સોબિંદ કુમારને એક્કાઉન્ટરમાં ગોળી વાગી હતી ત્યાર બાદ તેમની હાલત નાજુક રહી હતી. તેમને રામ મનોહર લોહિયા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં તેમનું મૃત્યુ થયું હતું.પોલીસે જણાવ્યું કે આ એક્કાઉન્ટર લખનૌના ચિનહટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્થિત કિસાન પથ ઢાલ પર થયું હતું. આ એક્કાઉન્ટરમાં સોબિંદ કુમારને ગોળી વાગી હતી. તેને ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં તેનું મોત નીપજ્યું હતું. પોલીસે ચારેય આરોપીઓને ઘેરી લીધા હતા. જેમાંથી એકનું મોત થયું હતું અને બાકીના ત્રણ ફરાર હોવાનું કહેવાય છે. બદમાશો પાસેથી મોટી માત્રામાં ઘરેણાં, રોકડ, પિસ્તોલ અને એક કાર મળી આવી છે.લખનૌ બેંક લૂંટ કેસના એક આરોપીનું ગાઝીપુર જિલ્લામાં એક્કાઉન્ટર થયું છે. બિહાર બોર્ડર પર ગહમર પોલીસ સ્ટેશન વિસ્તારની બારા પોલીસ ચોકી પાસે ગુનેગાર સની દયાલ અને પોલીસ વચ્ચે એક્કાઉન્ટર થયું હતું. એસપી ઈરાજ રાજાએ પુષ્ટિ કરી છે કે બેંકમાં ઘૂસવાનો આરોપી સની દયાલ પોલીસ એક્કાઉન્ટરમાં માર્યો ગયો હતો.ગાઝીપુર પોલીસે જણાવ્યું કે ઈન્ડિયન ઓવરસીઝ બેંક બેંક લૂંટના આરોપીને અસારગંજ જિલ્લા મુંગેર, બિહાર પોલીસ અને ગાઝીપુર પોલીસની સંયુક્ત ટીમે એક્કાઉન્ટરમાં માર્યો હતો.

## સેન્સરમાં ફિલ્મ ફસાઈ જવાનો ડર સોનુ સૂદને પરેશાન કરી રહ્યો છે



। મુંબઇ, તા.૨૪ ।

સોનુ સૂદ હવે ડિરેક્ટર પણ બની ગયો છે. તે આગામી ફિલ્મ 'ફતેહ'થી ડિરેક્શનની દુનિયામાં ડેબ્યૂ કરી રહ્યો છે. તેણે પણ મહત્વની ભૂમિકા ભજવી છે. ફિલ્મનું ટ્રેલર એક ઈવેન્ટમાં રિલીઝ કરવામાં આવ્યું છે, જેમાં ખતરનાક એક્શન બતાવવામાં આવ્યું છે. સોનુ સૂદ ગુનેગારોથી વિકરાળ સ્ટાઈલમાં છુટકારો મેળવતો જોવા મળ્યો છે, જેને જોઈને તમે ક્યારેક કંપી ઉઠશો. આ અંગે, શું સોનુ સૂદ ફિલ્મના સેન્સરમાં ફસાઈ જવાનો ડર છે? આ અંગે અભિનેતાએ પ્રતિક્રિયા આપી છે.ટ્રેલર લૉન્ચ ઈવેન્ટમાં સોનુને પૂછવામાં આવ્યું કે ફિલ્મ એકદમ હિંસક લાગે છે, શું તમને છ સર્ટિફિકેટ ન મળવાનો ડર છે? આ અંગે અભિનેતાએ કહ્યું, 'ફિલ્મને હજુ સેન્સર સર્ટિફિકેટ મળવાનું બાકી છે. પરંતુ મને લાગે છે કે આજકાલ દર્શકોને કોઈ સમસ્યા નથી. એનિમલ અને કબીર સિંહ જોરદાર હિટ રહ્યા હતા. દર્શકો આવી ફિલ્મો જોવા માટે તૈયાર છે. બીજું, દર્શકોને એ પણ ખબર હોવી જોઈએ કે આ પાત્રએ શું કર્યું છે, તો તે પણ ન્યાયી થઈ જાય છે કે તેણે કંઈક એટલું ખરાબ કર્યું છે.

## અમેરિકામાં ડ્રગ્સ માફિયા સુનિલ યાદવની હત્યાની બિશ્નોઈ ગેંગે જવાબદારી

। નવીદિલ્હી, તા.૨૪ ।

અમેરિકાના કેલિફોર્નિયામાં લોરેન્સ બિશ્નોઈ ગેંગે એક મોટી ઘટનાને અંજામ આપ્યો છે. સુનીલ યાદવ ઉર્ફે ગોલીની ગુનેગારોએ ગોળી મારીને હત્યા કરી દીધી છે. માહિતી અનુસાર, લોરેન્સ બિશ્નોઈ ગેંગે આ હત્યાકાંડની જવાબદારી લીધી છે. સુનીલ ડ્રગ સ્મગલિંગમાં મોટો ખેલાડી માનવામાં આવતો હતો, જે પાકિસ્તાનથી ડ્રગ્સનું કન્સાઈનમેન્ટ મેળવીને તેને દુનિયાભરમાં સપ્લાય કરતો હતો. સુનીલ યાદવ લગભગ ૨ વર્ષ પહેલા નકલી પાસપોર્ટ દ્વારા અમેરિકા ભાગી ગયો હતો. સુનીલ યાદવ અબોહર ફાઝિલકાનો રહેવાસી હતો. સુનીલ અગાઉ લોરેન્સ ગેંગ સાથે સંકળાયેલો હતો.સુનીલ યાદવ એક મોટો ડ્રગ્સ માફિયા હતો જે આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતો હતો. તેણે પહેલા દુબઈ અને પછી અમેરિકામાં બિઝનેસ કર્યો. રાજસ્થાન પોલીસે સુનીલ સામે રેડ કોર્નર નોટિસ જારી કરી હતી. રાજસ્થાન પોલીસે દુબઈમાં સુનીલ યાદવના સહયોગીની ત્યાંની એજન્સીઓ પાસેથી ધરપકડ કરાવી હતી.

## લસણ ૪૦ થી ૪૦૦ સુધી પહોંચ્યું, સરકાર ઉંઘી રહી છે : કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી

। નવીદિલ્હી, તા.૨૪ ।

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ મોંઘવારી મુદ્દે કેન્દ્ર સરકારને ઘેરી છે.એક વીડિયો શેર કરતા તેણે લખ્યું, લસણ એક સમયે ૪૦ રૂપિયા હતું, આજે ૪૦૦ રૂપિયા પ્રતિ કિલો છે. વધતી જતી મોંઘવારીએ સામાન્ય માણસનું રસોડાનું બજેટ ખોરવી નાખ્યું છે. સરકાર કુંભકરણની જેમ સૂઈ રહી છે.રાહુલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં તે શાકભાજી માર્કેટમાં શાકભાજી



વેચનાર પાસેથી અલગ-અલગ શાકભાજીના ભાવ પૂછી રહ્યો છે. રાહુલ સાથે મહિલાઓ પણ છે. એક મહિલા કહે છે કે સોનું સસ્તું થશે પણ લસણ નહીં. એક મહિલાએ જણાવ્યું હતું કે સલગમ જે એક સમયે ૩૦-૪૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળતા હતા તે હવે ૬૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળે છે. વટાણા ૧૨૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળે છે. શાકમાર્કેટ ગીરી નગરનું છે. રાહુલ ગાંધીએ મહિલાઓને કહ્યું કે દર વર્ષે મોંઘવારી વધી રહી છે. તેનાથી તમારા પર દબાણ વધશે. રાહુલે પૂછ્યું કે શું જીએસટીને કારણે મોંઘવારી વધી છે. તેના પર મહિલાઓએ કહ્યું કે તેમાં ઘણો વધારો થયો છે.

**જો બિડેને સોમવારે જાહેરાત કરી હતી**

**આ જાહેરાત અમેરિકી રાષ્ટ્રપતિ-ચુંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પના ઉદ્દઘાટનના થોડા અઠવાડિયા પહેલા કરવામાં આવી છે, જેઓ મૃત્યુદંડના અવાજના સમર્થક છે**

## જો બાયડેને મૃત્યુદંડનો સામનો કરી રહેલા ૪૦માંથી ૩૭ લોકોને આજીવન કેદમાં બદલી

। વોશિંગ્ટન, તા.૨૪ ।

યુએસ પ્રમુખ જો બિડેને સોમવારે જાહેરાત કરી હતી કે તેઓ મૃત્યુદંડનો સામનો કરી રહેલા ૪૦માંથી ૩૭ લોકોની સજાને આજીવન કેદમાં બદલી રહ્યા છે. આ જાહેરાત અમેરિકી રાષ્ટ્રપતિ-ચુંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પના ઉદ્દઘાટનના થોડા અઠવાડિયા પહેલા કરવામાં આવી છે, જેઓ મૃત્યુદંડના અવાજના સમર્થક છે.બિડેનનું પગલું પોલીસ અને લશ્કરી અધિકારીઓની હત્યાના દોષિતો, ફેડરલ જમીન પર રહેતા લોકો અને જીવલેણ બેંક લૂંટ અથવા ડ્રગ સોદામાં સંડોવાયેલા લોકો તેમજ સુરક્ષા રક્ષકો અથવા ફેડરલ સુવિધાઓમાં કેદીઓની હત્યા માટેનું જીવન લંબાવશે. આનો અર્થ એ છે કે હવે ફક્ત ત્રણ સંઘીય કેદીઓને મૃત્યુદંડની સજા આપવામાં આવશે. ફાંસી આપવા માટે સુનિશ્ચિત થયેલ ત્રણ કેદીઓમાં ડાયલન રૂફ છે, જેમણે ૨૦૧૫ માં ચાર્લસ્ટન, સાઉથ કેરોલિનામાં મધર ઈમેન્યુઅલ છર્સ્ઈ ચર્ચના



નવ અશ્વેત સભ્યોની વંશીય હત્યા કરી હતી અને ઝોખાર ત્સારનાવ, જેમણે ૨૦૧૩ બોસ્ટન મેરેથોન બોમ્બ ધડાકા કર્યા હતા પિટ્સબર્ગમાં ટ્રી ઓફ લાઈફ સિનેગોગમાં ૧૧ લોકોની ગોળી મારીને હત્યા કરનાર વ્યક્તિ તે સૌથી ઘાતક વિરોધી સેમિટિક હુમલો હતો.''મેં મારી કારકિર્દી હિંસક અપરાધો ઘટાડવા અને ન્યાયી અને અસરકારક ન્યાય વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે સમર્પિત કરી છે,'' બિડેને એક નિવેદનમાં જણાવ્યું હતું. આજે, હું પેરોલની શક્યતા વિના ફેડરલ મૃત્યુદંડ પરના ૪૦ લોકોમાંથી ૩૭ લોકોની સજાને આજીવનમાં બદલી રહ્યો છું. ''આતંકવાદ અને નફરતથી પ્રેરિત સામૂહિક હત્યા સિવાયના કેસોમાં મૃત્યુ દંડ પર મારા વહીવટીતંત્રના મોરેટોરિયમ સાથે સુસંગત છે.'' યુએસ પ્રમુખ જો બિડેને સોમવારે જાહેરાત કરી હતી કે તેઓ મૃત્યુદંડનો સામનો કરી રહેલા ૪૦માંથી ૩૭ લોકોની સજાને આજીવન કેદમાં બદલી રહ્યા છે. આ જાહેરાત અમેરિકી રાષ્ટ્રપતિ-ચુંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પના ઉદ્દઘાટનના થોડા અઠવાડિયા પહેલા કરવામાં આવી છે.

**વૈશ્વિક સંઘર્ષો વચ્ચે** | **સંયુક્ત રાષ્ટ્ર આગામી વર્ષે તેની ૮૦મી વર્ષગાંઠ પૂર્ણ કરી રહ્યું છે**

## ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં પરિવર્તનની હાકલ કરી

। સંયુક્તરાષ્ટ્ર, તા.૨૪ ।

સંયુક્ત રાષ્ટ્ર આગામી વર્ષે તેની ૮૦મી વર્ષગાંઠ પૂર્ણ કરી રહ્યું છે. દરમિયાન, ભારતે ભારપૂર્વક જણાવ્યું છે કે વર્તમાન અને ભાવિ વૈશ્વિક પડકારોનો સામનો કરવામાં તેની 'પ્રાસંગિકતા' જાળવવા માટે સંસ્થામાં સુધારો કરવો જરૂરી છે. આ વર્ષે, વિશ્વભરના નેતાઓએ વૈશ્વિક શાસન પરિવર્તન અને ટકાઉ પગલાંને પ્રોત્સાહન આપવા માટે મહત્વાકાંક્ષી કરારો પર હસ્તાક્ષર કર્યા. જ્યારે વિશ્વના નેતાઓ



સપ્ટેમ્બરમાં યુએન હેડક્વાર્ટર ખાતે જનરલ એસેમ્બલીના ઉચ્ચ-સ્તરના ૭૯મા સત્ર માટે એકઠા થયા હતા, ત્યારે તેઓએ સર્વસંમતિથી ઐતિહાસિક 'ભવિષ્ય માટેની સંધિ' અપનાવી હતી. આ દસ્તાવેજમાં શાંતિ અને સુરક્ષા, ટકાઉ વિકાસથી લઈને આબોહવા પરિવર્તન, ડિજિટલ સહકાર, માનવ અધિકાર, લિંગ મુદ્દાઓ, યુવા અને ભાવિ પેઢીઓ અને વૈશ્વિક શાસન પરિવર્તન જેવા વિષયો આવરી લેવામાં આવ્યા છે.ભારત તેની સ્થાયી અને અસ્થાયી શ્રેણીઓના વિસ્તરણ સહિત સુરક્ષા પરિષદમાં સુધારા માટે વર્ષોથી પ્રયાસોમાં મોખરે રહ્યું છે. ભારત કહે છે કે ૧૯૪૫માં સ્થપાયેલી ૧૫-રાષ્ટ્રીય પરિષદ ૨૧મી સદીના હેતુઓ માટે યોગ્ય નથી અને તે સમકાલીન ભૌગોલિક રાજકીય વાસ્તવિકતાઓને પ્રતિબિંબિત કરતી નથી. ભારતે રેખાંકિત કર્યું છે કે તે કાઉન્સિલમાં કાયમી બેઠક માટે યોગ્ય રીતે લાયક છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુએનની 'ફ્યુચર સમિટ'માં પોતાના સંબોધન દરમિયાન કહ્યું હતું કે, ''સુધારણા એ પ્રાસંગિકતાની ચાવી છે. આવા સમયે, મોદીએ યુએન જનરલ એસેમ્બલીના મંચ પરથી કહ્યું હતું.'' રશિયા-યુક્રેન યુદ્ધ, ઈઝરાયેલ-હમાસ યુદ્ધ અને આતંકવાદ, આબોહવા કટોકટી, આર્થિક અસમાનતા અને મહિલાઓના અધિકારો પરના હુમલા સહિતના સંઘર્ષો સાથે વિશ્વ ઝઝૂમી રહ્યું છે ત્યારે પરિવર્તનની હાકલ આવી છે.








# દિયોદરમાં વાહનમાં વપરાતું યુરિયા લિક્વિડ બનાવવાનું કૌભાંડ ઝડપાયું

। પાલનપુર, તા.૨૪ ।

બનાસકાંઠામાં એલસીબીએ મોટી કાર્યવાહી કરતાં યુરિયા લિકવિડ બનાવવાનું કૌભાંડ ઝડપ્યું. અત્યારે નકલી, બનાવટી અને ડુપ્લીકેટની બોલબાલા છે. બનાસકાંઠા એલસીબીએ મોટી કાર્યવાહી કરતાં વધુ એક બનાવટી કૌભાંડનો પર્દાફાશ કર્યો. દિયોદરના ડુચકવાડા ગામમાંથી વાહનમાં વપરાતું યુરિયા લિક્વિડ બનાવવાનું કૌભાંડ ઝડપાયું.સબસીડી યુક્ત યુરિયા ખાતરમાંથી ડુપ્લીકેટ યુરિયા લિક્વિડ બનાવવામાં આવતું હતું. ડુચકવાડા ગામની સીમમાં ખેડૂતના ખેતરમાં ડુપ્લીકેટ લિક્વિડ બનાવવાની ફેક્ટરી ચાલતી હતી. બાતમીના આધારે એલસીબી રેડ કરી વધુ એક કૌભાંડ ઝડપી પાડ્યું. અને મોટા પ્રમાણમાં સબસીડી યુક્ત યુરિયા ખાતર તેમજ લિક્વિડ બનાવવાના સામગ્રી સહિતનો મુદ્દા માલ જપ્ત કર્યો.

























**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya


CMYK